**આજનો સુવિચાર**

ખરાબ સોબત કરતા એકાંત સારૂ, મજાક પર હંમેશા વિવેકનો અંકુશ રહેવો જોઈએ

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૭૯ જૂનાગઢ તા. ૨૧-૦૩-૨૦૨૨ સોમવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


નો-રીપીટ થીયરી સાથે ભાજપનું મિશન ગુજરાત : ૧૫૦ બેઠકો જીતવા કવાયત

# ભાજપનાં ૯૦ ટકા ધારાસભ્યોની ટીકીટ કપાઈ જશે ? મોટાભાગની બેઠકો ઉપર નવા ચહેરાને સ્થાન અપાશે

(અમદાવાદ બ્યુરો)
અમદાવાદ તા. ૨૧

ભાજપ દ્વારા ગુજરાત વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ કમલમ ઓફિસથી અંતરિયાળ વિસ્તારનાં ગામડાં સુધી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને ભાજપ માટે આ ચૂંટણીમાં ઉમેદવારની પસંદગીમાં રિપીટ-નો રિપીટની નારાજગીની સાથે એન્ટીઈન્કમ્બન્સી (સત્તાવિરોધી જુવાળ)નો પણ પડકાર છે.

ભાજપ દ્વારા એક-એક ધારાસભ્યની કામગીરીની પ્રોફાઈલ સાથે સંભવિત નવા ઉમેદવારની ઓળખની પણ કુંડળી મેળવવામાં આવી રહી છે. ખાસ કરીને કોંગ્રેસમાંથી આવેલા ધારાસભ્યોની હિલચાલ ઉપર નજર રાખવામાં આવી રહી છે. જો ભાજપ આખેઆખી સરકાર બદલી શક્તો હોય તો ધારાસભ્યો બદલવા કોઈ મોટી વાત નથી. જે રીતે રૂપાણી સરકારના રાજીનામા બાદ નવા મંત્રીમંડળમાં તમામ નવા ચહેરાને સ્થાન અપાયું હતું એજ પેટર્ન ઉપર આગામી ચૂંટણીમાં મોટા ભાગના ચહેરા સાવ નવા હશે. આ વિધાનસભા ચૂંટણીમાં ૯૦ ટકા ધારાસભ્યોની ટિકિટ કપાવાની પૂરી સંભાવના છે. એક વિધાનસભા બેઠક પર ૧૨થી ૧૩ નામની વિચારણા કરવામાં આવે એવી શક્યતા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૮૨નો લક્ષ્યાંક રાખ્યો છે, પણ ૧૫૦ બેઠકનો વાસ્તવિક ટાર્ગેટ હાંસલ કરવા માટે તનતોડ મહેનત કરી રહ્યો છે.

## ક્રુડ તેલનાં ભાવમાં પુર્નઃ ભડકો : ૧૧૧ ડોલરને પાર

(મુંબઈ બ્યુરો)
મુંબઈ,તા. ૨૧

રશિયા-યુક્રેન યુધ્ધ સમાપ્ત થવાના બદલે વધુ ગંભીર વળાંક લ્યે તેવા એંધાણને પગલે ક્રૂડ તેલમાંફરી વખત તેજીનો દોર શરૂ થયો હોય તેમ વિશ્વસ્તરે ભાવ ૧૧૦ ડોલરને વટાવી ગયો છે.

રશિયા-યુક્રેન યુધ્ધ ખત્મ કરવા માટેની વાટાઘાટોમાં છેલ્લા દિવસોમાં પ્રગતિ હતી પરંતુ હવે ફરીથી રશિયાએ વધુ ભીષણ આક્રમણ શરૂ કરતા તથા યુક્રેનના વડાએ ત્રીજાવિશ્વયુધ્ધની ચેતવણી ઉચ્ચારતાક્રૂડ તેલ સળગવાલાગ્યું છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં આજે પ્રારંભિક કામકાજનાં ક્રૂડતેલનો ભાવ ૩ ટકા ઉછળ્યો હતો અને ૧૧૧ ડોલરથી અધિક સાંપડ્યો હતો. ક્રૂડતેલ છેલ્લા દિવસોમાં યુધ્ધના ગભરાટ હેઠળ ૧૩૯ ડોલર સુધી પહોંચી ગયું હતું. ગત સપ્તાહમાં ઘટીને ૧૦૦ડોલરની અંદર આવી ગયું હતું. જે ફરી વધવા લાગતા ભારત સહિતના અર્થતંત્ર ઉપર દબાણ સર્જાવાની આશંકા છે.

## જીએસટી માળખામાં ધરખમ ફેરફારો આવશે નાના વેપારીઓને રાહત આપવા સરકારની તૈયારી

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી, તા. ૨૧: નાના વેપારીઓને જીએસટીમાં રાહત આપવાનીતૈયારી થઈ રહીછે એટલુ જ નહિ જીએસટીનાં ૧૨ ટકા અને ૧૮ટકાના સ્લેબને મર્જ કરી સિંગલ ૧૫ ટકા જીએસટી વસુલવાની પ્રધાનોનું જુથ ભલામણ કરે તેવી શક્યતા છે. હવે પછીની જીએસટી કાઉન્સીલની બેઠકમાં ધરખમ ફેરફારો ઉપર મંજુરીની મ્હોર લગાવવામાં આવે તેવી શકયતા છે.

સરકાર ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા વેપાર કરતા નાના વેપારીઓને GST રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ આપી શકે છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, ઓફલાઈન વેપારીઓની તર્જ ઉપર સરકાર ઓનલાઈન વેપારીઓને આ નવી છૂટ આપવાની વ્યવસ્થા કરી શકે છે. જો કે આ અંગે અંતિમ નિર્ણય જીએસટી કાઉન્સીલની બેઠકમાં લેવાનો છે.

આ મામલાને લગતા અધિકારીના જણાવ્યા અનુસાર, લાંબા સમયથી નાના ઓનલાઈન વેપારીઓ માંગ કરી રહ્યા છે કે તેઓને ઓફલાઈન વેપારીઓની જેમ GST રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ આપવામાં આવે. આ સંબંધમાં એક પ્રસ્તાવ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જે તેની મંજૂરી માટે આગામી GST કાઉન્સીલમાં રજૂ કરવામાં આવી શકે છે. હાલમાં, ઓફલાઈન વેપારીઓને માલના વેચાણ માટે ટર્નઓવર મર્યાદા ૪૦ લાખ રૂપિયા નક્કી કરવામાં આવી છે. જો કે, વિશેષ શ્રેણીના રાજયો માટે તે રૂા. ૨૦ લાખ છે. તે જ સમયે, સેવાઓ માટે GST નોંધણી માટે ૨૦ લાખ રૂપિયા અને વિશેષ શ્રેણીના રાજયો માટે ૧૦ લાખ રૂપિયાની મર્યાદાછે. આ ટર્નઓવર મર્યાદા ૧ એપ્રિલ ૨૦૧૯ થી અમલી છે.

## દેશમાં સમાન નાગરીક સંહિતા લાગુ કરવા ભાજપની માંગણી

(દિલ્હી બ્યુરો)
નવી દિલ્હી તા. ૨૧

ભાજપનાસાંસદ હરનાથસિંહ યાદવે રાજ્યસભામાં શૂન્યકાળ નોટિસ આપી હતી. તેમણે દેશમાં યુનિફોર્મ સિવિલ કોડની માગણી કરી છે. નોંધનીય છે કે, ભાજપ હંમેશાથી યુનિફોર્મસિવિલ કોડલાગુ કરવાના પક્ષમાં રહ્યું છે, જ્યારે કોંગ્રેસ પહેલેથીજ તેનો સતતવિરોધ કરી રહી છે. યુનિફોર્મસિવિલ કોડને સરળ ભાષામાં સમાન નાગરિક સંહિતા તરીકે પણ ઓળખવામાં આવે છે.

યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે દેશના તમામ નાગરિક માટે એકસરખો પર્સનલ લૉ હોય. બંધારણના આર્ટિકલ ૪૪ મુજબ, યુનિફોર્મ સિવિલ કોડને લાગુ કરવાનો અધિકાર રાજ્યની ડ્યૂટી છે. હાલ હિંદુ અને મુસલમાનો માટે અલગ-અલગ પર્સનલલૉ છે, જેમાં પ્રોપર્ટી, લગ્ન, તલાક અને ઉત્તરાધિકાર જેવા મામલાઓ આવે છે.

યુનિફોર્મ સિવિલ કોડ ઉપર રાજકીય ચર્ચાઓ થતી જ રહે છે. હંમેશાંસેક્યુલરિઝ્મ સાથે જોડાયેલી ચર્ચાઓમાં પણ આ મુદ્દાને સામેલ કરવામાં આવે છે.

## બંગાળની ખાડીમાં સર્જાયેલું આસની વાવાઝોડું : આજે રાત્રે આંદામાન - નિકોબાર ઉપર ત્રાટકશે

(દિલ્હી બ્યુરો)
નવી દિલ્હી,તા. ૨૧

બંગાળની ખાડીમાં સજાર્યયેલુ લો-પ્રેસર મજબુત બનીને આજે રાત્રી સુધીમાં વાવાઝોડામાં રૂપાંતરિત થઇ જવાની અને વાવાઝોડું આંદામાન-નિકોબાર ઉપર ત્રાટકવાની આશંકા વચ્ચે આગમચેતીના શ્રેણીબધ્ધ પગલા લેવામાંઆવ્યા છે. સૈન્યની ત્રણેય પાંખોને 'સ્ટેન્ડ-ટુ રાખવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગના વડા મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે લો-પ્રેસર દક્ષિણ બંગાળથી આંદામાન-નિકોબાર દ્વીપ સમુહ સુધી પહોંચી ગયું છે. જ્યાંથી બાંગ્લાદેશ તરફ આગળ વધવાની સંભાવના છે. વાવાઝોડુ ત્રાટકે તે પૂર્વે તેજપવન સાથે ભારે વરસાદ થશે અને સિસ્ટમ વાવાઝોડામાં પરિવર્તિત થશે.

બિહારનાં બાંકા જીલ્લામાં બનેલી ઘટના

## માત્ર ૮ વર્ષની બાળકી ઉપર દૂષ્કર્મ આચરી, આંખો ફોડી, લાશને ગટરમાં ફેંકી દેવાની જઘન્ય ઘટનાથી હાહાકાર

(દિલ્હી બ્યુરો) પટણા,તા. ૨૧

દિલ્હીના નિર્ભયા કેસ જેવી હૃદયદ્રાવક ઘટના બિહારના બાંકા જીલ્લામાં સામેઆવી છે. અહીંઆઠ વર્ષની બાળકીનું અપહરણ કરીને તેની સાથે બળાત્કાર કર્યા બાદ તેની હત્યા કરી કરી નાખી છે. બાદમાં પુરાવા છુપાવવા માટે નગ્ન અવસ્થામાં લાશને માટીમાં દાટી દીધી હતી. આ ઘટના બાંકા જિલ્લાના ચંદન રેલવે સ્ટેશન પાસે સૂકા નાળાની છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ફરીયાદી ગૌતમ પોદ્દારની આઠ વર્ષની બાળકી શનિવારે અચાનક ગુમ થઈ ગઈ હતી. બાળકીની શોધમાં આખો પરિવાર રાત સુધી ભેગો થતો રહ્યો પણ તેનો કયાંય પત્તો લાગ્યો ન હતો.

બાળકીનાં પિતા ગૌતમ પોદ્દાર તેને શોધતા હતા ત્યારે કેટલાક અન્ય લોકો રેલવે સ્ટેશન અને ત્યાં સ્થિત સૂકા ગટરમાં જોવા લાગ્યા હતા. ગટરથી થોડે દૂર તેણે એક કપડું જોયું. આ પછી માટીમાં એક મૃતદેહ દફનાવવામાં આવ્યોહતો જેમાંતેના હાથ અને પગ સ્પષ્ટ દેખાતા હતા. જયારે લોકોએ માટી હટાવી લાશને બહાર કાઢી ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. બાળકીની બંને આંખો ફોડવાની સાથે તેના શરીર ઉપર ક્રૂરતાના ઘણા નિશાન જોવા મળ્યા હતા. બાળકીના વિકૃત મૃતદેહના સમાચાર જંગલની આગની જેમ ફેલાઈ ગયા પછી ત્યાં સેંકડો લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી.

માહિતી મળતાં જ બેલ્હાર એસડીપીઓ અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. અને મૃતદેહને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે બાંકા સદર હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

મૃતક બાળકીના પિતા ગૌતમ પોદ્દારે તેની માસૂમ પુત્રીનું અપહરણ કરીનેતેના ઉપર બળાત્કાર કર્યાબાદ તેનીહત્યા કરવાનો આરોપ લગાવ્યો છે. તેમની લેખિત અરજી ઉપર ચંદન પોલીસ સ્ટેશને પોકસો એક્ટ હેઠળ અપહરણ, બળાત્કાર અને હત્યાનો કેસ નોંધ્યો છે.

# યુક્રેનનાં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ ચેતવણી આપી જો મંત્રણા નિષ્ફળ જશે તો ત્રીજું વિશ્વ યુધ્ધ થશે

## યુક્રેનનાં રાષ્ટ્રપતિ ઢીલા પડયા : પુતિન સાથે વાતચીત માટે તૈયાર

(દિલ્હી બ્યુરો) મોસ્કો, તા. ૨૧: રશિયા - યુક્રેનના યુદ્ધને ૨૫દિવસ જેટલો સમય થઈ ગયો છે. યુદ્ધને કારણે યુક્રેનના લાખો લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે, તો હજારો નિર્દોષ નાગરિકોનાં મોત નિપજયા છે. પણ હજુ સુધી યુદ્ધનો અંત આવે તેવી કોઈ સ્થિતિ જોવા મળી રહી નથી. આ વચ્ચે યુક્રેનના પ્રેસિડેન્ટવોલ્દોમીર ઝેલેન્સ્કીએ ફરી એકવાર વિશ્વને ચેતવણી આપી છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે, તે વ્લાદિમીર પુતિન સાથે વાતચીત કરવા માટે તૈયાર છે અને જો આ વાતચીત નિષ્ફળ સાબિત થશે તો દુનિયામાં ત્રીજું વિશ્વયુદ્ધ થશે તે નક્કી છે.

યુક્રેનના પ્રેસિડેન્ટ ઝેલેન્સ્કીએ ફરી એકવખત રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન સાથે વાતચીત કરવાનું આમંત્રણ આપ્યું છે. તેઓએ કહ્યું કે, યુદ્ધને ખતમ કરવાનો એકમાત્ર રસ્તો વાતચીત છે અને તેના માટે હું તૈયાર છું. તેઓએ કહ્યું કે, જો વાતચીતના આ પ્રયાસ નિષ્ફળ સાબિત થશે તો તેનું પરિણામ ત્રીજા વિશ્વયુદ્ધ તરીકે જોવા મળી શકે છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે, હું સમજું છું કે વાતચીત કર્યાવગર અમે આ યુદ્ધને અટકાવી શકતા નથી. અમે તેમની (પુતિનને) સાથે વાતચીત કરવા માટે તૈયાર છીએ. ઉલ્લેખનીય છે કે, ઝેલેન્સ્કીનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે કેજયારે રશિયાએ યુક્રેનના મુખ્ય શહેરોઉપર હુમલાઓ ઉગ્ર કરી દીધા છે. યુક્રેને રશિયા ઉપર યુદ્ધ અપરાધનો આરોપ લગાવ્યો છે, જેમાં અનેક બાળકો અને મહિલાઓના મોત થઈ ચૂક્યા છે.

## કેન્દ્ર સરકાર નવો રાષ્ટ્રીય સ્વાસ્થ્ય કાયદો લાવશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૧ : કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને અન્ય સરકારી વિભાગોના અધિકારીઓએ નવા રાષ્ટ્રીય જાહેર આરોગ્ય કાયદા માટેના ડ્રાફ્ટ બિલની વિવિધ જોગવાઈઓને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયાશરૂ કરી દીધી છે. એકવાર ડ્રાફ્ટ તૈયાર થઈ ગયા બાદ કેન્દ્રીય કેબિનેટને મોકલવામાં આવે તે પહેલાં તેને પરામર્શ માટે જાહેર ડોમેનમાં મૂકવામાં આવશે. દેશમાં ત્રીજી કોવિડ તરંગ સાથે, સંસદના ચોમાસુ સત્રમાં રાષ્ટ્રીય જાહેર આરોગ્ય બિલ રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે.

સૂચિત નેશનલ પબ્લીક હેલ્થ એક્ટ ૨૦૧૭થી અમલમાં છે અને એકવાર તે પસારથયા પછી તે ૧૨૫ વર્ષ જૂના રોગચાળાના રોગો અધિનિયમ, ૧૮૯૭નું સ્થાન લેશે. તે જૈવ આતંકવાદ, કુદરતી આફતો, રાસાયણિક અને પરમાણુ હુમલાઓને કારણે જાહેર આરોગ્ય અને કટોકટીને પણ આવરી લેશે.

## દેશમાં કોરોનાની ચોથી લહેરની કોઈ ગંભીર અસર નહી થાય : નવા કેસમાં સતત ઘટાડો

(દિલ્હી બ્યુરો) નવીદિલ્હી,તા. ૨૧ ચીન, હોંગકોંગ અને યુરોપના કેટલાક ભાગોમાં ઝડપથી વધી રહેલા કોરોના કેસ વચ્ચે ભારતમાં કોરોના મહામારીની નવી (ચોથી) લહેર આવશે તો પણ બહુ અસર નહીં થાય એવો દાવો દેશના ટોચનાં મેડીકલ નિષ્ણાંતોએ કર્યો છે. તેમણે એ પણ સૂચન કર્યું કે હવે માસ્કની અનિવાર્યતામાં પણછૂટ આપવા માટે સરકારે વિચાર કરવો જોઈએ. તેમણે આના માટેનું કારણ વ્યાપક રસીકરણ અને કુદરતી સંક્રમણથી ઉત્પન્ન થયેલ પ્રતિરોધક ક્ષમતાનું ગણાવ્યુ હતું. દેશમાં દૈનિક નવા કેસ અને મૃતકોની સંખ્યા અત્યંત ઓછી છે એટલે માસ્ક પહેરવા બાબતે કેટલીક છૂટ આપી શકાય છે.

## ભરૂચમાં મકાન ધરાશાયી થતાં ત્રણ બાળકોનાં કરૂણ મોત

(અમદાવાદ બ્યુરો)
ભરૂચ તા. ૨૧

આજે ભરૂચના બંબાખાના વિસ્તારના કુંભારિયા ઢોળાવમાં મકાન ધરાશાયી થવાની ઘટના સામે આવી છે.

મકાન ધરાશાયી થતાં એક જ પરિવારના ૬ સભ્ય દબાઈ ગયા હતા, જેમાં ત્રણ બાળકનાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યાં છે, જ્યારે માતા-પિતા સારવાર હેઠળ છે.

આજે સવારે બંબાખાનાના વિસ્તારમાં આવેલા કુંભારિયા ઢોળાવમાં એક મકાન ધરાશાયી થયું હતું, જેમાં ઊંઘમાં જ આખો પરિવાર કાટમાળમાં દબાયો હતો. તેમાં એક જ પરિવારના ત્રણ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે પરિવારના અન્ય સભ્યો સારવાર હેઠળ છે.

ઘટનાને પગલે વિસ્તારમાં દોડધામ મચી જવા પામી હતી. સ્થાનિકો બનાવ અંગે નગરપાલિકાના ફાયર વિભાગમાં જાણ કરતાં ફાયર ફાયટરો તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને સ્થાનિકોની મદદ વડે બચાવકાર્ય હાથ ધરી દંપતીને બહાર કાઢી સારવાર અર્થે ખસેડાયું હતું, જ્યારે ૧૦ વર્ષીય નિશા કિશોરભાઈ ગુર્જ્જર, પ્રિન્સ કિશોરભાઈ ગુર્જ્જર અને અંજના કિશોરભાઈ ગુર્જ્જરનાં ઘટનાસ્થળે મોત નીપજયાં હતા. મકાન ધરાશાયી થવાની ઘટનામાં એક જ પરિવારનાં ત્રણ બાળકનાં મોતને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.




મો. ૯૯૨૫૫ ૧૧૯૯૭
ફોન (૦૨૮૫) ૨૬૨૨૭૩૫
દિનેશ એજન્સી
ડાબર, બૈદ્યનાથ, ઝંડુ, હમદર્દ, સાંડુ, શ્રીશંકર, ઉંઝા તેમજ રસાશ્રમ ફાર્મસીની દવાઓ તથા હેર ઓઈલના વેપારી.
આઝાદ ચોક, મ્યુ. દુકાન નં. ૨-૩, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


શ્રી મેડીકલ સ્ટોર
૨૪ કલાક

ધ્રુવ ચેમ્બર્સ, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫ - ૨૬૩૧૮૧૮, ૨૬૩૫૪૫૪

દર મહિને રૂપિયા ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ કમાવો
મોબાઈલમાં ઓનલાઈન
+91 91732 36427
2Captcha
નો ટાર્ગેટ, નો એકયુરેસી, નો વર્ક ટાઈમ લીમીટ
દર ૧૫-દિવસે પેમેન્ટ ચુકવવામાં આવશે.

પહેલો માળ, આશિવાદ કોમ્પ્લેક્ષ, જયશ્રી રોડ, જુનાગઢ.
રજીસ્ટ્રેશન માટે રૂબરૂ મળો.

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ફ્રી...ફ્રી... ફ્રી... ફ્રી...

સાઉદી અરેબીયા - દુબઈ માટે વર્કર તાત્કાલીક જોઈએ છે
કડીયાકામ, સુથારી કામ, દરજી કામ, પાર્લર, વેલ્ડર ગેરેજ, મીકેનીક, એન્જીનીયર, ડ્રાઈવર, વેઈટર, રસોયા અને ઘરકામ કરી શકે તેવી બહેનો - ભાઈઓની જરૂર છે
કંપની તરફથી વિઝા અને ટિકીટ તદન ફ્રી છે ફકત રજીસ્ટ્રેશન ચાર્જ રૂા.૫૦૦૦ લેવામાં આવશે
નોંધ : ફ્રેશર પણ ચાલશે, મોલમાં કામ કરી શકે તેની જરૂર છે.
આજે જ સંપર્ક સાધો
કોન્ટેકટ : ૯૧૭૩૨ ૩૬૪૨૭
પહેલો માળ, આશીર્વાદ કોમ્પ્લેક્ષ, જયશ્રી રોડ, જૂનાગઢ

# જૂનાગઢ જીલ્લામાં રૂા.૧૦ કરોડના ખર્ચે સુજલામ-સુફલામ યોજનાના ૨૨૧ જળ સંગ્રહનાં કામો થશે

## વંથલીના કળજણીથી સુજલામ-સુફલામ યોજનાનો પ્રારંભ : કણજણીના તળાવથી થાણાપીપળી, લુશાળા, મોટા-કાજલીયાળા અને કણજણીના ૧૮૦૦ થી વધુ ખુડૂતોને થશે ફાયદો




જૂનાગઢ તા.૨૧

વંથલી તાલુકાના કણજણી ગામના સીમ વિસ્તારમાં ૧.૫ કી.મી જેટલા વિસ્તારમાં પથરાયેલ તળાવને ઊંડુ ઉતારવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સુજલામ-સુફલામ જળસંગ્રહ યોજના અંર્તગત જૂનાગઢ જિલ્લામાં કુલ રૂ.૧૦ કરોડના ખર્ચે ૨૨૧ જળસંગ્રહના કામો હાથ ધરાશે. જેનો પ્રારંભ જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારીયા, જૂનાગઢના મેયર શ્રીમતી ગીતાબેન પરમાર, વંથલી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી લક્ષમીબેન મૈતર અને પૂર્વ ધારાસભ્ય શ્રીમતી વંદનાબેન મકવાણાએ કણજણીથી કરાવ્યો હતો.

૧૦ એસસીએફટીની જળસંગ્રહ ક્ષમતા ધરાવતા કણજણીના તળાવની સુજલામ –સુફલામ યોજના દ્વારા જળ સંગ્રહ ક્ષમતા ડબલ કરાશે. જેનાથી કણજડી ઉપરાંત, થાણાપીપળી, લુશાળા, મોટા-કાજલીયાળાના ૧૮૦૦થી વધુ ખુડૂત ખાતેદારોને સીધી અને આડકતરી રીતે સિંચાઈના પણીનો લાભ મળશે.

ઉપરાંત આ તળાવને ઊંડુ પહોળું કરવાથી જે માટી, કાંપ અને મોરમ નીકળશે તે ખેડૂતો પોતાના ખેતરમાં પાથરશે જેનાથી ખેડુતોની જમીન ફળદ્રુપ થશે. આ કામમાં આશરે ૧૨,૫૦૦ ઘન મીટર માટીનું ડિસીલ્ટીંગ કરવાનું આયોજન છે. આ કામ મે-૨૦૨૨ માં પૂર્ણ કરાશે. સરકાર દ્વારા ૬૦-૪૦ ના ધોરણે આ કામ થશે સરકારશ્રી ૬૦ટકા ખર્ચ આપશે અને ૪૦ ટકા લોકભાગીદારી રહેશે.

કળજણી ખાતે સુજલામ-સુફલામ યોજનાના પ્રારંભે કેશોદના પૂર્વ ધારાસભ્ય અરવીંદભાઈ લાડાણી અને જિલ્લા સહકારી બેંકના ડિરેક્ટર દિનેશભાઈ ખટારીયાએ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યુ હતુ. આ પ્રસંગે કેશોદના પૂર્વ ધારાસભ્ય સામતભાઈ રાઠોડ, અધિક નિવાસી કલેકટર એલ.બી.બાંભણીયા, ડી.આર.ડી.એ. નિયામકશ્રી આર.જે.જાડેજા, જિલ્લા પંચાયત સિંચાઈ સમિતીના ચેરમેન અતુલભાઈ ધોડાસરા, અગ્રણી કેશુભાઈ મૈતર, વિજયભાઈ મૈતર આ યોજનાના નોંઠલ અધિકારી એચ.કે.ઉકાણી તેમજ ખેડૂતો ઉપસ્થીત રહ્યા હતાં. કાર્યક્રમના પ્રારંભે કાર્યપાલક ઈજનેર જે.વી.ડાભીએ સૌનુ સ્વાગત કરવા સાથે યોજનાની રૂપરેખા આપી હતી. નાયબ કાર્યપાલક ઈજનેર મૌલીક મહેતાએ આભારવિધિ અને કાર્યક્રમનું સંચાલન વિપુલ જીલડીયાએ કર્યું હતું. સુજલામ – સુફલામ યોજના તળે જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ સિંચાઈ યોજના વિભાગ, જૂનાગઢ સિંચાઈ વિભાગ, પંચાયત સિંચાઈ વિભાગ, પાણી પુરવઠા, ગ્રામ વિકાસ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તેમજ શહેરી વિસ્તારોમાં કોર્પોરેશન અને નગરપાલિકા દ્વારા જળસંગ્રહના કામ હાથ ધરાશે.

# જીલ્લા રોજગાર કચેરી જૂનાગઢ દ્વારા માર્ચમાં ઓનલાઈન ભરતી મેળો યોજાશે.

જૂનાગઢ, તા.૨૧

જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ દ્વારા જિલ્લાના તમામ રોજગારવાચ્છુ યુવાનોને રોજગારી મળી રહે તે હેતુથી માર્ચ-૨૦૨૨ માં ઓનલાઈન ભરતીમેળાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આ ઓનલાઈન ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાની તમામ વિગતો https://forms.gle/zdZAkYfW5zLZ6b1X7 લીંક ઉપર ભરવાની રહેશે. આ આપેલ લીંક ઉપર નોકરીદાતાની વિગતો આપવામાં આવેલ છે અને નોકરીદાતા દ્વારા ડીઝીટલ માધ્યમ / ટેલીફોનીક ઈન્ટરવ્યુ લેવામાં આવશે. જેની તમામ ઉમેદવારો એ નોંધલેવા રોજગાર અધિકારી (જન.) જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

# ભારતીય જનતા પાર્ટી જૂનાગઢના માર્ગદર્શન હેઠળ મહાનગરના વોર્ડ નં.૯માં ટીફીન બેઠક યોજાઈ



જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ મહાનગરમાં આવેલ દાતાર રોડ શ્યામ વાડી જૂનાગઢ ખાતે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર દ્વારા વોર્ડ નં.૯માં ટીફીન બેઠક યોજવામાં આવી હતી. આ ટીફીન બેઠકમાં જૂનાગઢ મહાનગરના મેયર ગીતાબેન મોહનભાઈ પરમાર, મહાનગર સંગઠન મહામંત્રી અને ઝોન પ્રભારી શૈલેષભાઈ દવે, કોર્પોરેટર ચેતનાબેન ચુડાસમા, સંગઠનના મોહનભાઈ પરમાર, વોર્ડપ્રમુખ કમલભાઈ ચુડાસમા, મહામંત્રી વરૂણભાઈ ચાવડા, મહામંત્રી ભરતભાઈ મકવાણા તથા આગેવાન કાળુભાઈ ચોટલીયા, રમેશભાઈ બાવળીયા, ગૌતમભાઈ ઝાલા, સંજયભાઈ ગોરી, સુરેશભાઈ ઝાલા તથા બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ટીફીન બેઠકમાં વોર્ડના વિકાસ અંગેના જરૂરી સુચનો બુથ વાઈઝ પેઈઝ કમિટી તૈયાર કરવા તેમજ માઈક્રોડોનેશનના કાર્યક્રમ કરવા, બુથ વાઈઝ વર્ગીકરણ કરવા, જ્ઞાતિ વર્ગીકરણ કરવા જેવા જરૂરીમુદાઓને ચર્ચા-વિચારતા કરવામાં આવેલ તેમજ સૌએ સાથે મળી ભોજન કરેલ તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ જીલ્લામાં બાગાયત ખાતાની યોજનાનો લાભ લેવા તા.૩૦ એપ્રિલ સુધિમાં ઓનલાઈન અરજી કરવી

જૂનાગઢ, તા.૨૧

## ગ્રીન હઉસ, નેટ હાઉસ, નર્સરી સહિતમાં સબસીડી મળશે

જૂનાગઢ જિલ્લાનાં બાગાયત ખેતી કરતા ખેડૂતોએ બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા તા.૩૦ એપ્રિલ સુધિમાં આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં ગ્રીન હાઉસ, નેટ હાઉસ, નર્સરી સહિતમાં સબસીડીનો માતબર લાભ આપવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં સામાન્ય તથા અનુસુચીત જાતિના બાગાયતદારો માટે બાગાયત ખાતા દ્વારા વિવિધ સહાય યોજના અંર્તગત ફળઝાડ વાવેતર, ગ્રીન હાઉસ, નેટ હાઉસ, નર્સરી, પ્રોસેસીંગ યુનિટ, કોલ્ડ ચેઈન, ડીસ્ટીલેશન યુનિટ, પાકા મંડપ, રોડ સાઈડ ફળ તથા શાકભાજીનું વેચાણ કરતા લોકો માટે વિના મૂલ્યે છત્રી વિગેરે યોજનાઓમાં સહાય આપવામાં આવે છે. આ યોજનાઓની અરજીઓ મેળવવા માટે સરકારશ્રી દ્વારા ઓનલાઈન આઈ ખેડૂત વેબસાઈટ (ikhedut. gujarat. gov.in) ઓપન કરવામાં આવેલ છે. આ યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતો તા.૩૦-૦૪-૨૦૨૨ સુધિમાં સીધી ઓનલાઈન અરજી કરી શકશે. ઓનલાઈન અરજીની નકલ સાથે જરૂરી સાધનિક કાગળો ૭/૧૨ તથા ૮-અનો ઉતારો, બેંક પાસબુક તથા આધારકાર્ડની નકલ, પ્રોજેક્ટ રીપોર્ટ નાયબ બાગાયત નિયામકની કચેરી, લધુ કૃષિ ભવન, બહુમાળી ભવન સામે, જૂનાગઢની કચેરીખાતે રજુ કરવા નાયબ બાગાયત નિયામક જૂનાગઢની યાદીમાં જણાવાયુંછે.

# કોડીનારમાં મસ્જીદ અને દવાખાનાની સામે કચરાના ઢગલાથી નમાઝીઓ, દર્દીઓ સહિત લોકોમાં રોષ

## રહીશો દ્વારા વારંવાર રજુઆત છતાં તંત્ર દ્વારા સફાઈમાં ઠાગાથૈયા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૧

કોડીનાર શહેરના ભરચક વિસ્તારમાં આવેલ મસ્જીદ અને દવાખાના પાસે લાગતા કચરાના ઢગલાના કારણે નમાઝીઓ અને દર્દીઓ સહિત આ વિસ્તારના રહીશોમાં ભારે રોષની લાગણી જન્મી છે. આ અંગેની વિગત મુજબ કોડીનારમાં આવેલ નઈ મસ્જીદની સામે અને હુસેની સાર્વજનિક દવાખાનાની દીવાલમાં બેજવાબદાર લોકો દ્વારા ફેંકવામાંઆવતો કચરો તંત્ર દ્વારા નિયમિત ઉઠાવવામાં આવતો ન હોવાના કારણે કચરાના ઢગલા જામી રહ્યા હોય તેના કારણે મસ્જીદમાં નમાઝ પઢવા જતા નમાઝીઓ અને દવાખાનામાં સારવાર અર્થે આવતા દર્દીઓને તેમજ કસ્બા મોહલ્લા અને બુખારી મોહલ્લાના રહીશોમાં ભારે રોષ સાથે ઉચવાટની લાગણી જન્મી છે. આ ગંદકી વાળા વિસ્તારમાંથી બે મોટા રહેવાસી વિસ્તારમાં જવાનો મુખ્ય રસ્તો હોવાની સાથે મસ્જીદ અને દવાખાનું આવ્યું હોવા છતાં આ વિસ્તારમાં કચરાના ઢગલાના કારણે સતત ગંદકીનું સામ્રાજય રહેતુ હોવાના કારણે રોગચાળો ફેલાવાની દહેશત વચ્ચે લોકોના આરોગ્ય ઉપર જોખમ મંડરાઈ રહ્યું છે. કચરાના ઢગલાના કારણે દવાખાને આવતા દર્દીઓ ઉપર વધુ જોખમ તોળાઈ રહ્યું હોવાની સાથે મસ્જીદમાં નમાઝ પઢવા જતા નમાઝીઓની લાગણી પણ દુભાઈ રહી હોય આ અંગે નગરપાલિકામાં વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા નિયમિત સફાઈ કરવામાંઆવતી ન હોયઅનેકચરો ફેક્નાર સામે કડક પગલાં ભરવામાં આવતા ન હોવાના કારણે લોકોમાં ભારે રોષની લાગણી જન્મી છે. લોકોના આરોગ્ય અને નમાઝીઓની લાગણીને ધ્યાનેલઈ વ્હેલી તકેઆ વિસ્તારમાંથી કાયમી ધોરણે કચરો દુર કરી અહીં કચરો નાખતા ઈસમો સામે પણ કડક કાર્યવાહી કરી આ સમસ્યાનું કાયમી નિવારણ લાવવા આ વિસ્તારના લોકોમાં ઉગ્ર માંગણી ઉઠી છે.

# લુપ્ત થતી ચકલીઓના યુગમાં સોમનાથના દેદા ગામે અશ્વિન બારડની દુકાનમાં ચકલીઓની ચિંચીયારી, કલરવ હજુયે ગુંજે છે




(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૯

તાજેતરમાં વિશ્વ ચકલી દિવસ ઉજવાયો હતો ત્યારે એ પણ જાણવું રસાપ્રદ થશે કે આજથી ૧૨ વર્ષ પુર્વે ૨૦ માર્ચ, ૨૦૧૦ના રોજ નેચર ફોરેવર સોસાયટીએ વિશ્વ ચકલી દિવસ જાહેર કર્યો હતો. ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના દેદા ગામના અશ્વિન બારડની પરીશ્રમ નામની પાન અને પ્રોવિઝનની દુકાનમાં ૧૦૦થી ૧૨૦ જેટલી ચકલીઓ અવર-જવર કે નિવાસ કરે છે. દુકાનના છાપરાની છત હુંકમાં ઠેર-ઠેર ચકલીઓના રહેવા-ઉછેરના પુઠાના માળાઓ લગાવેલા છે. દુકાનની પરસાળમાં ચકલીઓને પાણી પીવા માટે પ્લાસ્ટીકની નાની નાની કુંડીઓ તથા દાણા ચણી શકે તે માટે પ્લેટો જેમાં જાતે બાજરો, ચોખા, મગ, મગદાળ વારંવાર નાખતા રહે છે. તેઓની દુકાને માલ ખરીદવા આવતા ગ્રાહકો પણ તે દુકાનેથી બિસ્કીટ, સેવ મમરા, અનાજ ખરીદી ચકલીઓનો ખવડાવી ખુશી અનુભવતા હોય છે. કોઈ-કોઈવાર તો પાન ઝબોળવાની પાણીની કુંડીમાં દુકાનદાર સાથે બેસી ચકલીઓ પાંખો ફફડાવી, પાણી ઉડાડતી, થોડા-થોડા અંતરે ઠેકતી-ઠેકતી ડ્રોનની જેમ ફર-ફર કરતી આજુબાજુના વિસ્તારો સુધી ઉડતી અને પાછી ફરતી ચકલીઓના અદ્‌ભુત દ્રશ્યો જોવા મળે છે. સોમનાથ- પ્રભાસા પાટણમાં એક જમાનામાં ઘરે-ઘરે ફળીયામાં આંગણા હતા અને તેમાં સીંદરીથી વણાયેલ દોરડામાં માટીના પક્ષીઓને પાણી પીવાના કુંડાઓ હતા. સિકંદરે આઝમ ફિલ્મમાંનું મશહુર ગીત 'જહાં ડાલ ડાલ પર સોને કી ચીડીયા કરતી હે બસેરા, યે ભારત દેશ હૈ મેરા..' લોક કહેવતોમાં પણ તે સમયે કહેવાતું 'જબ ચિડીયા ચુગ ગઈ ખેત..' ચકલી હંમેશા વૃક્ષ ઉપર માળો બાંધતી નથી પરંતુ માનવ વસાહતોની સાથે કે આસપાસજ માળા બાંધે છે.

# ઢોલિવુડમાં પહેલીવાર થઈ રહ્યું છે ફાઈવ સ્ટાર લક્ઝરી ક્રુઝમાં ફિલ્મનું શૂટિંગ

## લખલૂટ ખર્ચે ફિલ્મના અતિ મહત્ત્વના દ્રશ્યો ક્રુઝ ઉપર ફિલ્માવાઈ રહ્યા છે



કોરોનાકાળમાં સુષુપ્ત થઈ ગયેલી ફિલ્મ ઈન્ડસ્ટ્રી ફરી ધમધમવા લાગી છે. એક પછી એક વિવિધ વિષયો ધરાવતી ગુજરાતી ફિલ્મો રિલીઝ થઈ રહી છે અને દર્શકોનો આવકાર પણ મળી રહ્યો છે. તો અનેક ફિલ્મોના શૂટિંગ પણ હાલ ચાલી રહ્યા છે. આવી જ એક ફિલ્મ છે ગુજરાતથી ગોવા. એક સમયે હીરો તરીકે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી ગજવનાર અવ્વલ દરજ્જાના કલાકાર રાજદીપ હવે નિર્માતા-દિગ્દર્શક તરીકેની તેમની પહેલી ગુજરાતી ફિલ્મ ગુજરાતથી ગોવાના શૂટિંગમાં વ્યસ્ત છે. પર્ફેક્શનના આગ્રહી રાજદીપે ફિલ્મમાં આવતા ગોવાના દ્રશ્યો શૂટ કરવા માટે ચાર દિવસ એક લક્ઝરી ક્રુઝ ભાડે રાખી હતી. પાંચ માળની આલિશાન ક્રુઝમાં કસીનો, બાર, ડાન્સ ફલોર, ડાઈનિંગ હોલ, ક્રુઝના અપર ડેક ઉપર ડીજે સંગ ઝૂમવાની સાથે ખાણી-પીણીની સુવિધા ઉપરાંત આરામ કરવા માટે લક્ઝરી કેબિનો. ક્રુઝ ઉપર જનાર એક અલગ જ દુનિયાનો અનુભવ કરી રહ્યા હતા. ક્રુઝ ઉપર ફિલ્મના મહત્ત્વના સીન ફિલ્માવાઈ રહ્યા હતા. ક્રુઝમાં ચાલી રહેલા શૂટિંગની જાણકારી આપતા રાજદીપે જણાવ્યું કે, અમે લખલૂટ ખર્ચે ફિલ્મના અતિ મહત્ત્વના દ્રશ્યો ક્રુઝ ઉપર ફિલ્માવી રહ્યા છીએ. શૂટિંગમાં બોલિવુડના વિખ્યાત વિલન શક્તિ કપૂર ઉપરાંત ફિલ્મના બે હીરો અક્ષત ઈરાની અને યશ શાહ સહિત અન્ય કલાકારો ભાગ લઈ રહ્યા છે. ક્યા અને કેવા સીન છે એની વિગત તો વધારે નહીં આપું પણ ક્રુઝ ઉપર ફિલ્માવાઈ રહેલા દ્રશ્યો ફિલ્મની વાર્તાના ટર્નિંગ પોઈન્ટ છે. ફિલ્મની વાર્તા વિષે પૂછતા રાજદીપ કહેછે કે, ફિલ્મની વાર્તાના કેન્દ્રમાં બે અમીર બાપના બે યુવાનોની વાત છે. જેઓ ખોટી સોબતને કારણે કેવી મુસીબતમાં મુકાય છે અને એમાંથી બહાર આવવાની તેમની મથામણ દર્શાવવામાં આવી છે. એસાથે આજની પેઢીના યુવાનો માટે એક સંદેશ પણ છે. ફિલ્મમાં અલગ અલગ મૂડનાં ચાર ગીતો છે. સ્મિત વંદન ફિલ્મ પ્રોડકશન બેનર હેઠળ બની રહેલી ફિલ્મના નિર્માતાઓ છે. સ્મિતા બારોટ, મુકેશ પટેલ, શૈલેષ પટેલ, વંદના બી. રાવલ રાજદીપના દિગ્દર્શનમાં બની રહેલી ફિલ્મનું સંગીત શિવમ બાક્ષીનું છે. તો ગીતો હેમંત, કેશવ રાઠોડ અને માહિલ પલ્લવીનાં છે. એક્શન કોરિયોગ્રાફી દિલીપ યાદવની છે. કથા-પટકથા-સંવાદ રાજદીપના છે. તો કલાકારો છે અક્ષત ઈરાની, યશ શાહ, તનુ રાઠોડ, હૃદયા સિંગ, સાહિલ ખાન, શેખર શુકલા, મીનાક્ષી, આત્મારામ ત્રિપાઠી, શાહરૂખ સાદરી, ભરત બ્રહ્મભટ્ટ, સ્મિતા બારોટ, વંદના રાવલ, એમિ, ડિમ્પલ, આસ્મી, રાજુ પંચાલ, દિવિંગરાવલ, પંકજ પાઠક, જાગૃતિબહેન, પ્રવીણ, રોશની રાઠોડ, આશિષ સુખડવાલા, શક્તિ કપૂર અને રાજદીપ છે. એક સમયે હીરો તરીકે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી ગજવનાર અવ્વલ દરજ્જાના કલાકાર રાજદીપ હવે નિર્માતા-દિગ્દર્શક તરીકેની તેમની પહેલી ગુજરાતી ફિલ્મ ગુજરાતથી ગોવાના શૂટિંગમાં વ્યસ્ત છે. પર્ફેક્શનના આગ્રહી રાજદીપે ફિલ્મમાં આવતા ગોવાના દ્રશ્યો શૂટ કરવા માટે ચાર દિવસ એક લક્ઝરી ક્રુઝ ભાડે રાખી હતી.

- પ્રદ્યુમન કાપડીયા

# હાપા-કટરા અને જામનગર-કટરા ટ્રેનના માળખામાં ફેરફાર : મુસાફરોને મળશે ફર્સ્ટ એસી કોચની સુવિધા

જામ ખંભાળિયા તા.૨૧

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ ડિવિઝનની બે જોડી ટ્રેનોમાં અન્ય કોચ ઉપરાંત વધારાના ફર્સ્ટ એસી કોચ ઉમેરીને આ ટ્રેનોના માળખામાં ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેનોના માળખામાં ફેરફારોની વિગતો મુજબ ટ્રેન નંબર ૧૨૪૭૫/૧૨૪૭૬ હાપા-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુપરફાસ્ટ એક્સપ્રેસમાં એક ફર્સ્ટ એસી, એક થર્ડ એસી અને બે જનરલ કોચ વધારવામાં આવશે. આ વધારાના કોચ હાપાથી ૧૨ જુલાઈથી અને શ્રી માતા વૈષ્ણોદેવી કટરાથી ૧૧ જુલાઈથી જોડવામાં આવશે. આ ઉપરાંત ટ્રેન નંબર ૧૨૪૭૭/૧૨૪૭૮ જામનગર - શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સુપરફાસ્ટ એક્સપ્રેસમાં એક ફર્સ્ટ એસી, એક થર્ડ એસી અને બે જનરલ કોચ વધારવામાં આવશે. આ વધારાના કોચ જામનગરથી ૧૩ જુલાઈથી અને શ્રી માતા વૈષ્ણોદેવી કટરાથી ૧૦ જુલાઈથી જોડવામાં આવશે તેમ રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફ દ્વારા જણાવાયું છે. ઉપરોક્ત તમામ ટ્રેનોમાં કુલ ૨૨ કોચ હશે જેમાં ૧ ફર્સ્ટ એસી, ૨ સેકન્ડ એસી, ૬ થર્ડ એસી, ૬ સેકન્ડ સ્લીપર, ૪ જનરલ કોચ, ૧ પેન્ટ્રી કાર અને ૨ જનરેટર વાન કોચનો સમાવેશ થાય છે. ટ્રેન નંબર ૧૨૪૭૫ અને ૧૨૪૭૭ માટે ફર્સ્ટ એસી કોચનું બુકિંગ ૨૦ માર્ચથી પી.આર.એસ. કાઉન્ટર અને આઈ.આર.સી.ટી.સી. વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સંચાલનના સમય, સ્ટોપેજ અને સ્ટ્રક્ચર સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry. indianrail. gov.inની મુલાકાત લઈ શકે છે. પશ્ચિમ રેલવેએ મુસાફરોને બોર્ડિંગ, મુસાફરી અને ગંતવ્ય દરમ્યાન કોરોના સંબંધિત ગાઈડલાઈનનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક


## તંત્રી લેખ

# સોનિયા ગાંધીનાં નેતૃત્વમાં કોંગ્રેસ કાર્યસમીતીએ આસ્થા વ્યકત કરી

કોંગ્રેસ કાર્યસમિતિની બેઠક પહેલાં ગાંધી પરિવારના સમર્થકોએ જેવો માહોલ બનાવી દીધો હતો, તેનાથી એવું જ લાગી રહ્યું હતું કે, આ પાર્ટી એમ જ ચાલવાની છે અને થયું પણ એવું જ. સોનિયા ગાંધીએ જેવું જ એમ કહ્યું કે, જો કાર્યસમિતિને લાગતું હોય કે પરિવારના લોકોના હટવાથી પાર્ટી મજબૂત થઈ જશે, તો તે એવું કરવા માટે તૈયાર છે, એવા જ કેટલાક એવા સ્વર ગૂંજ્યા - અરે, નહીં, બિલકુલ નહીં ! સોનિયા ગાંધી આ પ્રકારની ભાવનાત્મક ઓફર પહેલાં પણ કરી ચૂક્યા છે અને દર વખતે પરિણામ એનું એ જ આવ્યું છે. એના ઉપર આશ્ચર્ય નહીં કે કાર્યસમિતિએ ન માત્ર સોનિયાના નેતૃત્વમાં ફરીથી આસ્થા વ્યક્ત કરી, બલ્કે કેટલાક નેતાઓએ પોતાની આ જૂની માંગ પણ દોહરાવી દીધી કે, રાહુલ ગાંધીને ફરીથી પાર્ટીના અધ્યક્ષ બનાવી દેવામાં આવે. વાસ્તવમાં પરિવારની પણ એ જ ઈચ્છા છે, એ કારણે જ નવા અધ્યક્ષની પસંદગીમાં વિલંબ થઈ રહ્યો છે. આ બધા વચ્ચે રાહુલ ગાંધી પરદા પાછળથી પાર્ટી સંચાલિત કરી રહ્યા છે. જોકે તેમના નિર્ણયો પાર્ટીનાં બારેય વહાણ ડૂબાડી રહ્યા છે, પરંતુ પરિવારની અંધભક્તિમાં લીન મોટાભાગના કોંગ્રેસી નેતાઓ તેમને ભવિષ્યના નેતા અને દેશના મસીહા સાબિત કરવા મથી રહ્યા છે. તેઓ એ જોવા સમજવા તૈયાર જ નથી કે રાહુલ ગાંધીની રાજનીતિનો એકમાત્ર એજન્ડા વડાપ્રધાન મોદીની પ્રતિષ્ઠા ઉપર આઘાત કરવાનો જ છે. તેના માટે તેઓ અપશબ્દો બોલવામાં પણ ખચકાતા નથી. આવું કરતાં કરતાં તેમને આઠ વર્ષ વીતી ગયાં, પરંતુ તેઓ એ સાધારણ વાત સમજી નથી શક્યા કે પોતાના સૌથી મોટા પ્રતિદ્વંદ્વી નેતાને નીચા દેખાડવાની કોશિષને રાજનીતિ ન કહેવાય. રાહુલ ગાંધી સતત નિષ્ફળ રહ્યા બાદ પણ પોતાની આત્મઘાતી, નિષ્ફળ અને નકારાત્મક રાજનીતિ ઉપર અડગ છે. તેઓના તો કોઈ નવો વિમર્શ ઘડી શકે છે કે ના એવો કોઈ દ્રષ્ટિકોણ રજૂ કરી શકે છે, જેનાથી જનતા તેમની તરફ આકર્ષિત થાય. કંઈક આવા જ હાલ પ્રિયંકા ગાંધીના પણ છે, જેમને 'બ્રહ્માસ્ત્ર' ગણાવવામાં આવ્યાં હતાં ! જેમ રાહુલ ગાંધી ડાબેરી માનસિકતાથી ગ્રસ્ત થઈ ચૂક્યા છે, તેવી જ રીતે પ્રિયંકા વાઢેરા પણ. કોંગ્રેસની ડાબેરી પક્ષો સાથે નિકટતા વધી છે, બલ્કે ડાબેરી નેતાઓની પાર્ટીમાં ભાગીદારી પણ વધી છે. એક સમયે જે યુવા નેતા રાહુલના નજીક હતા તેઓ કાં તો પાર્ટી છોડીને ચાલ્યા ગયા છે, કાં પછી તેમને હાંશિયામાં ધકેલી દેવાયા છે. આ કારણે પણ પાર્ટી રસાતળમાં જઈ રહી છે. જોકે કેટલાય કોંગ્રેસ નેતા પાર્ટીના પતનને લઈને પોતાની ચિંતા ખુલીને પ્રગટ કરવા લાગ્યા છે, પંરતુ તેમને ક્યાંય કોઈ સાંભળનાર નથી. આગળ પણ તેમને સાંભળવામાં આવશે તેની કોઈ ગેરંટી નથી, કારણ કે ગાંધી પરિવાર ચાપલૂસ નેતાઓથી ઘેરાઈ ગયો છે અને તે તેમને પણ માફક આવી ગયું છે.

### ડીઆરડીઓએ ૪૫ દિવસમાં જ ૭ માળની બિલ્ડિંગ બનાવી

# ભારતના બેંગ્લોરમાં ડીઆરડીઓ સૌથી એડવાન્સ ફાઈટર જેટ બનાવશે





નવી દિલ્હી તા.૨૧ : ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટએ વધુ એક આશ્ચર્યજનક કામ કર્યુંછે. કુલ ૪૫ દિવસમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટએ બેંગ્લોરમાં ૭ માળની ઈમારત તૈયાર કરી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગુરૂવારે આ ઈમારતનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આપને જણાવી દઈએ કે આ બિલ્ડિંગમાં ભારતનું સૌથી એડવાન્સ જેટ બનાવવામાં આવશે. રક્ષા મંત્રાલયના જણાવ્યા અનુસાર આ બહુમાળી ઈમારત હાઈબ્રિડ ટેક્નોલોજી દ્વારા બનાવવામાં આવી છે. તેને બનાવવામાં કુલ ૪૫ દિવસનો સમય લાગ્યો હતો. ઉદ્‌ઘાટન કરતી વખતે કેન્દ્રીય સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે આ ૭ માળની ઈમારતનો ઉપયોગ ઉપર જનરેશન મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ માટે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તરીકે કરવામાં આવશે. આ બિલ્ડિંગમાં એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ આ એરક્રાફ્ટ ફ્લાઈટ કંટ્રોલ સિસ્ટમ માટે એવિઓનિક્સ વિકસાવશે. એડવાન્સ ફાઈટર જેટ્‌સ અને એરક્રાફ્ટ ફ્લાઈટ કંટ્રોલ સિસ્ટમ્સ માટે એવિઓનિક્સ ડેવલપમેન્ટની સુવિધાઓ પણ પૂરી પાડશે. નોંધનીય છે કે તેનું નિર્માણ કાર્ય ૧ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું. આ પ્રોજેક્ટનો શિલાન્યાસ ૨૨ નવેમ્બર, ૨૦૨૧ના રોજ કરવામાં આવ્યો હતો. આટલા ઓછા સમયમાં પ્રથમ વખત આવી બિલ્ડીંગ બનાવવામાં આવી છે. આ પોતાનામાં એક રેકોર્ડ છે. નોંધપાત્ર રીતે ભારત તેની સંરક્ષણ પ્રણાલી ઉપર ઘણો ખર્ચ કરે છે. તેને વધુ મજબૂત બનાવવા માટે હવે આપણે પેઢીના ફાઈટર જેટ વિકસાવવા ઉપર કામ કરી રહ્યા છીએ. આ માટે જનરેશન મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ પ્રોજેક્ટ ઉપર કામ શરૂ થઈ ગયું છે.

# બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ દ્વારા અભ્યાસનાં ભાગરૂપે કોરોના વેકિસન પ્રત્યેનાં સામાજીક મનોવલણ અંગે મનોવૈજ્ઞાનિક સર્વે

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ દ્વારા વિશ્વવ્યાપી મહામારી કોવિડ-૧૯ અંગે મનોવિજ્ઞાન વિષય અંતર્ગત વિશ્વ, દેશ-પ્રદેશ અને સ્થાનિક પ્રજાજનોની છેલ્લા બે વર્ષ કરતા પણ વધુ સમયથી ચાલી રહેલી કોરોના મહામારીને પહોંચી વળવા આરોગ્ય મંત્રલાયો તથા વૈજ્ઞાનિકોનાં સંયુકત ઉપક્રમે કોરોના વેકિસન અંગે એક તલસ્પર્શી અભ્યાસ બહાઉદ્દીન વિનયન કોલેજનાં મનોવિજ્ઞાન વિષયનાં મદદનીશ પ્રાધ્યાપક ડો. ભાવનાબેન હુંમરનાં માર્ગદર્શન હેઠળ પસંદગી પામેલ સંશોધનકર્તા વિશ્વા જોષી દ્વારા ગૂગલ ફોર્મનાં માધ્યમથી ટુંકાગાળામાં એક અભ્યાસી તારણ જુદા-જુદા નિયત પ્રશ્નો દ્વારા કરવામાં આવેલ જેમાં કુલ ૨૫૬ લોકોનાં અભિપ્રાયોમાંથી ૯૭.૯૦ ટકા લોકોએ જણાવ્યું કે, તેઓએ વેકિસન લીધી છે. પ્રસ્તુ સર્વેક્ષણનાં બીજા પ્રશ્નમાં લોકોએ જણાવ્યું કે, ૬૭.૯૦ ટકા લોકોએ કોવિશિલ્ડ વેકિસન લીધેલ છે અને ૩૦ ટકા લોકોએ વેકિસન લીધેલ છે. તેવા જ ત્રીજા પ્રશ્નમાં કુલ ૭૭.૬૦ ટકા લોકોનો વેકિસન લીધા બાદ કોઈ આડઅસર અનુભવાઈ ન હતી, જયારે ૨૨.૪૦ ટકા લોકોને વેકિસન લીધા બાદ હળવી આડઅસરો જોવા મળી હતી. થયેલી આડઅસરોમાં વધારે પડતા લોકોને તાવ, શરીરમાં તૂટ થવી, માથું દુઃખવું, ઘણા લોકોને ચક્કર પણ આવ્યા હતા તથા ઘણા વ્યકિતઓ પહેલાથી બિમાર અથવા તો માનસિક અસ્વસ્થ હોવાને કારણે તેમને ગભરામણ પણ થઈ હતી. અહીં કુલ ૯૦.૪૦ ટકા લોકો




વેકિસન બાદ પોતાને સંપૂર્ણ સુરક્ષિત અનુભવે છે અને તેઓ વેકિસન લીધા પહેલા કદાચ સંક્રમિત થયા હશે પરંતુ જયારે કુલ અભિપ્રાયોનાં ૯૧.૩૦ ટકા લોકોએ વેકિસનનાં બંને ડોઝ લઈ લીધા હોવાથી બીજીવાર કોરોના વાયરસથી સંક્રમિત થયા ન હતા. જે વેકિસનની સફળતાની નિશાની છે. અહીં અલગ-અલગ સમુદાયનાં લોકો ઉપર કરાયેલા વેકિસન અંગેનાં સર્વેમાં કુલ ૯૭.૫૦ ટકા લોકોનાં પરિવારનાં તમામ સભ્યોએ વેકિસનને સુરક્ષા કવચ માની વેકિસનનાં બંને ડોઝ લઈ લીધા હતા. જયારે કોરોના સંક્રમણની ત્રીજી લહેર આવી તે દરમ્યાન કોરોના ફ્રન્ટલાઈન વોરિયર્સ જેમાં ડોકટર, પોલીસ અધિકારીઓ, સફાઈ કામદારો તેમજ અન્ય લોકો જેવા કે ૬૦ વર્ષથી ઉપરનાં તમામ વડીલોને સરકારે ત્રીજા ડોઝ એટલે કે વેકિસનનાં બુસ્ટર ડોઝની ભલામણ કરી છે. જે સરકારની આ ભલામણનો સર્વે લોકોએ સ્વીકારી પોતાનાં અને પોતાનાં પરિવારની સુરક્ષાને ધ્યાને લઈ બુસ્ટર ડોઝ લેવા માટે ૮૬.૬૦ ટકા લોકોએ તૈયારી બતાવી છે. ભારતમાં તૈયાર થયેલી સ્વદેશી કોવિશિલ્ડ તથા કોવેકિસન સિવાયની એકપણ વેકિસન કુલ અભિપ્રાયોમાંથી તમામ લોકો લેવા માંગતા નથી. લોકોને ભારતમાં બનેલી સ્વદેશી વેકિસન ઉપર જ સંપૂર્ણ ભરોસો છે. અહીં કરાયેલા આ સર્વેક્ષણમાં ૯૭.૩૦ ટકા લોકોએ જણાવ્યું કે, વેકિસન આપણા માટે સૌથી સુરક્ષિત છે અને વેકિસન લેવાથી ઈમ્યુનિટીમાં પણ વધારો થાય છે. ભારત સરકાર દ્વારા આપવામાં આવતા વેકિસન લીધા બાદ પ્રમાણપત્રમાં કુલ ૯૫ ટકા લોકોએ સ્વીકાર્યું કે, ભારત સરકાર દ્વારા અપાતું ડિઝીટલ સર્ટિફિકેટ વિશ્વનાં અન્ય દેશો કરતા સારી અને આધુનિક વ્યવસ્થા છે. અત્રે બહાઉદ્દીન કોલેજનાં પ્રાધ્યાપક ડો. ભાવનાબેન હુંમરનાં માર્ગદર્શન હેઠળ વિશ્વા જોષી દ્વારા કરાયેલા વેકિસન અંગેનાં સર્વેક્ષણમાં ૯૮ ટકા લોકોએ સ્વીકાર્યું કે, તેઓએ વેકિસન લઈ લીધી છે અને સુરક્ષિત છે. જે આ સર્વેક્ષણ દ્વારા પ્રસ્થાપિત થાય છે. આ અંગે બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજનાં પ્રિન્સિપાલ ડો. પી.વી. બારસિયા તથા મનોવિજ્ઞાન વિભાગનાં અધ્યક્ષ પ્રો. બી.બી. જોષી તથા મદદનીશ પ્રાધ્યાપક ડો. ભાવનાબેન હુંમર દ્વારા સંશોધનકર્તા વિશ્વા જોષીને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા.

# 'અકસ્માત' કરતાં સાવચેતી સારી : ફલૂ જેવા કેસોને હળવાશથી ન લ્યો : કેન્દ્રે રાજ્યોને ચેતવણી

## ટેસ્ટ-ટ્રેક-ટ્રીટ-રસીકરણ અને ગાઈડલાઈન્સનું પાલન કરવા રાજ્યોને કેન્દ્રની સલાહ

નવી દિલ્લી તા.૨૧

વિશ્વના અનેક દેશોમાં કોરોનાએ ફરી માથું ઊંચક્યું છે. ચાઈના, દક્ષિણ કોરિયા સહિતના દેશોમાં કોરોના સંક્રમણ ખૂબ ઝડપથી વધી રહ્યું છે. ચાઈનામાં કોરોનાના કહેરથી બચવા લોક ડાઉન પણ લગાવી દેવામાં આવ્યું છે જેના કારણે ભારતની ચિંતામાં પણ વધારો થયો છે. સાવચેતીના ભાગરૂપે કેન્દ્ર સરકારે તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્રલખીને સામાન્ય ફલૂ જેવા કેસોને પણ હળવાશથી નહીં લેવા ચેતવ્યા છે. કેન્દ્ર સરકારે રાજયોને ઈન્ફલ્યુએન્ઝા જેવી બિમારી અને ગંભીર તીવ્ર શ્વાસોચ્છવાસના ચેપનું મોનિટરિંગ ફરી શરૂ કરવા જણાવ્યું છે. જેથી કરીને કોઈ વહેલા ચેતવણીના સંકેતો ચૂકી ન જાય અને કોવિડ-૧૯ના ફેલાવાને નિયંત્રણમાં રાખી શકાય. કેન્દ્રએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વધારાના મુખ્ય સચિવો, મુખ્ય સચિવો, સચિવોને લખેલા પત્રમાં દક્ષિણપૂર્વ એશિયા અને યુરોપના ભાગોમાં કોવિડ-૧૯ કેસના પુનરુત્થાનનો ઉલ્લેખ કરાયો છે. નવા કેસો ઉભરતા જોઈ અસરકારક દેખરેખ, ઝડપી પરીક્ષણ, ઈન્ફલ્યુએન્ઝા જેવી બિમારી અને ગંભીર તીવ્ર શ્વસન ચેપ કેસોની દેખરેખ કાયમી ધોરણે હાથ ધરવામાં આવશે તેની ખાતરી કરવા માટે રાજ્યોને ભલામણ કરવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે પત્રમાં જણાવ્યું હતું કે, બુધવારે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં આક્રમક અને સતત જીનોમ સિકવન્સિંગ અને સઘન દેખરેખ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા અને એકંદર તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી હતી. રાજેશ ભૂષણના પત્રમાં કહેવામાં આવ્યું છે કે, હું એ વાત ઉપર પણ ભાર મૂકવા માંગું છું કે, પાંચ મુદ્દાના વ્યૂહરચના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખવું જોઈએ, એટલે કે ટેસ્ટ-ટ્રેક-ટ્રીટ-રસીકરણ અને ગાઈડલાઈન્સનું પાલન કરવાથી કોરોના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાશે.



તમે તમારા પક્ષની હારનું કારણ શોધવાનાં બદલે તેમનાં પક્ષની જીતનું કારણ શોધો !



રશિયા અને યુક્રેન વચ્ચેનું યુધ્ધ ભલે પુરૂ થાય, આપણા વચ્ચે ચાલું જ રહેશે !

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

આળસ એ ઈશ્વરે આપેલા હાથ-પગનું અપમાન છે.

- અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.આવા-૧૩૯૧, મુ. શાબાન-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, ફાગણ વદ-૩ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૦૬ ક.), ચોથનો ક્ષય છે, છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ (તિથિ પ્રમાણે), પા. જમશેદી નવરોજ તા.૨૧ માર્ચ ૨૦૨૨, સોમવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૧૭, સ્વાતિ નક્ષત્ર, વ્યાઘાત યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૫૬, સૂ.અ.૭:૦૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૨૧-૩-૨૦૨૨ થી ૨૭-૩-૨૦૨૨ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન નોકરીયાત વર્ગ તથા વ્યાપારી વર્ગનો અણધાર્યો લાભ થાય. પારિવારીક જીવનમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન થાય. મોજ-શોખના કોઈ નવા સ્થળની મુલાકાત થાય. નાણાંકીય ખેંચ હોય તો તે દૂર થાય. જમીન-મકાન અંગેના પ્રશ્નોનો યોગ્ય ઉકેલ મળે. આ સપ્તાહ દરમ્યાન કાર્યબોજમાં હળવાશનો અનુભવ કરી શકશો. જુગાર-શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાહવ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહજીવનની સમસ્યાનો સુખદ અંત આવતો જોવા મળે. મિત્ર-વર્તુળ દ્વારા તમને યોગ્ય માર્ગદર્શન મળી રહે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોથી આ સમય દરમ્યાન દૂર રહેવું હિતાવહ. તેમજ ખાસ કરીને જોવા જઈએ તો નવા કોઈ નાણાંકીય સાહસો કે રોકાણ હાલપૂરતા ટાળવા. લાંબા સમયથી પ્રયત્નશીલ રહ્યા હોવ તે યોજનામાં સપ્તાહના અંતે સફળતા મળે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આર્થિક પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય. આરોગ્ય અંગે ચિંતા દૂર થાય. વડીલવર્ગનો શુભ સહકાર પ્રાપ્ત કરી શકશો. કોઈપણ વસ્તુ જેવી કે જમીન, મકાન કે વાહનની લે-વેંચ હાલપૂરતી ટાળવી. ખાસ તો હિતશત્રુઓથી સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે. નવા આનંદદાયક સમાચાર પ્રાપ્ત થાય. સાસરાપક્ષ તરફથી લાભ મેળવી શકશો. મુસાફરી, પ્રવાસ, યાત્રા કરવા માટે સમય શુભ છે. વ્યવહારીક કાર્યોની પ્રતિકૂળતા દૂર થાય.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

લાંબા સમયથી ચાલી આવતી અસ્થિરતા દૂર થાય. ભાઈ-બહેન દ્વારા આકસ્મીક લાભ મેળવી શકશો. પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ સર્જાય. જો કે, નાણાંકીય બાબતોમાં તો હજુ પણ સાવચેત રહેવા જેવો સમય છે. સમાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધારનારી કોઈ ઘટના બનો, જેનો વધુલાભ ભવિષ્યમાં મળે. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી વર્ગથી સાવચેત રહેવું. સપ્તાહના અંત ભાગે નવિન શુભ સમાચાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

રોકાયેલા નાણાં છૂટા થાય તે માટે સમય સારો કહી શકાય. પારિવારીક જીવનમાં વધુ આનંદ અને ઉલ્લાસભર્યું વાતાવરણ રહે. આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો કરનારી ઘટના બને. કોઈ નાનકડા ધાર્મિક કાર્યક્રમના આયોજનમાં ધન ખર્ચ થવા સંભવ છે. તે ઉપરાંત સામાજિક કે વ્યવહારીક કાર્યમાં પણ ધન ખર્ચ થાય. કોઈ ગુપ્ત ષડયંત્રનો ભોગ ન બની જવાય. તેની ખાસ તકેદારી રાખશો. વ્યવહારમાં ખાસ સંભાળવું.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

કોઈના જામીનગીરીના કાર્યથી દૂર રહેવાની ખાસ તકેદારી સાથે તમારા કાર્યક્ષેત્રમાં ખૂબ જ સાનુકૂળતાસભર સમય રહે. જૂની ઓળખાણ કે જૂના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. સરકારી કામકાજ સરળતાપૂર્વક પાર પડી જાય. નાણાંકીય રોકાણ હાલપૂરતું ટાળવું. કોઈપણ મહત્વનો નિર્ણય કરવાનો હોય તો ખૂબ જ વિચારીને પગલું ભરવું. પરિવારના સભ્યો સાથે વાણી ઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આરોગ્ય અંગે ચિંતા હોય તો તે દૂર થાય તેમજ નોકરી-ધંધા અંગેના પ્રયત્નોમાં ધારી સફળતા મેળવી શકશો. કોઈ અગત્યની મીટીંગ કે મિલન-મુલાકાત હોય તો તેમાં સફળતા મેળવી શકશો. પ્રિયજન સાથેના સંબંધોમાં લાગણીનો વધારો થાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવે. ખોટી જવાબદારીમાંથી મુક્ત થવા માટેના ઉજળા સંજોગો છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો કરનારી મહત્વની ઘટના બને.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

ખોટો વહેમ કે અંધશ્રધ્ધાના ભોગ ન બની જવાય તે જોજો. સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી. સંતાનવર્ગ દ્વારા નવિન શુભ સમાચાર મળે. માનસિક આનંદમાં વધારો કરનારી એકાદ ઘટના બને. ખોટા વાદ-વિવાદથી દૂર રહી અને પોતાના કાર્યમાં વ્યસ્ત રહેવું. તમે ધારેલા કાર્યની સફળતા માટે હજુ પણ તમારે ધીરજ રાખવી પડશે તેમજ સાહસિક કાર્યો પણ આ સમય દરમ્યાન ટાળવા હિતાવહ છે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

નવિન શુભ સમાચાર આપનારૂ તેમજ માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો કરનારૂ આ સપ્તાહ નાણાંકીય સમસ્યાનો ઉકેલ લાવનારૂ નીવડે. પારિવારીક સભ્યોની મદદથી અગત્યના કાર્યમાં પ્રગતિ થાય. આકસ્મીક પ્રવાસ-પર્યટનના યોગ છે તથા અગત્યના મિલન-મુલાકાત હોય તો તે સફળ બને. કાર્યક્ષેત્રમાં કોઈ સમસ્યા ઊભી ન થાય તેની તકેદારી રાખજો. માંગલિક કાર્યમાં સફળતા મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

માનસિક ટેન્શનમાંથી હળવાશનો અનુભવ કરનારૂ આ સપ્તાહ પરોપકારના કાર્યોથી દૂર રહેવાનું સૂચવે છે અન્યથા ખોટી સમસ્યામાં ફસાવવાનો વખત આવે. વિદેશ સંબંધિત કાર્યોમાં ધારી સફળતા મળે જીવનસાથી સંબંધિત કોઈ પ્રશ્ન હોય તો તેનો ઉકેલ આવે. નવી લાભની તક હાથમાં આવે. વડીલવર્ગ સાથે મતભેદ ન સર્જાય તેની કાળજી રાખવી. એકંદરે આ સપ્તાહ દરમ્યાન તમને મિશ્રફળ મળતું હોય તેવો અનુભવ કરશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

લાંબા સમયથી ચાલી આવતા ટેન્શનમાંથી મુક્ત થઈ અને ખૂબ જ હળવાશ અનુભવી શકશો. વ્યાપાર-ધંધામાં એકંદરે રાહત આપનારો આ સમય પારિવારીક જીવનમાં કોઈ મહત્વની ઘટના પાર પાડનારો બને. નાણાંકીય વ્યવહારો ખૂબ જ સરળતાપૂર્વક પાર પાડી શકશો. બાકી રહેલા કાર્યોને પૂર્ણ કરી શકશો. શત્રુઓ સાથેના સંબંધો મિત્રતામાં પરિણમવાના સંજોગો છે. સંતાન સંબંધી કોઈ પ્રશ્ન હશે તો તેનો સુખદ ઉકેલ આવે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

લાંબાગાળાના આયોજનો સફળ થાય. માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારી કોઈ મહત્વની ઘટના બને. જીવનસાથીનો શુભ સહકાર સાંપડે. આર્થિક સમસ્યાનું આકસ્મિક નિરાકરણ થાય. આરોગ્ય અંગેની ચિંતા હોય તો તે દૂર થાય. કોઈ એવી ઘટના બને જેથી ઈશ્વર પ્રત્યેની તમારી શ્રધ્ધામાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદથી કોઈ અગત્યનું કાર્ય પાર પાડી શકશો.

### વિધાનસભાના સત્ર દરમ્યાન શિક્ષણ મંત્રીએ સરકારના નિર્ણયની કરી જાહેરાત

# રાજ્યમાં આગામી શૈક્ષણિક વર્ષથી હવે શાળાઓમાં ધોરણ ૧થી અંગ્રેજી વિષય દાખલ કરવા નિર્ણય

## ● ધોરણ-૬થી ગણિત-વિજ્ઞાનના દ્વિભાષી પાઠ્યપુસ્તકોનો અમલ કરવા વિચારણા : શાળાઓના જન્મદિવસ ઉજવવા નિર્ણય ● હિજાબ અંગે કેન્દ્રની સૂચના મુજબ શિક્ષણ વિભાગે પરિપત્ર કર્યો છે : શિક્ષણમંત્રી

ગાંધીનગર,તા.૨૧ રાજયભરની અંગ્રેજી માધ્યમ સિવાયની પ્રાથમિક શાળાઓમાં આગામી શૈક્ષણિક વર્ષથી ધોરણ-૧થી અંગ્રેજી વિષય દાખલ કરવાની જાહેરાત સરકાર તરફથી વિધાનસભામાં કરવામાં આવી હતી. આ ઉપરાંત ધોરણ-૬થી ગણિત-વિજ્ઞાનના દ્વિભાષી પાઠયપુસ્તકોનો અમલ કરવા માટે સરકાર દ્વારા વિચારણા કરવામાં આવી હોવાનું ગૃહમાં શિક્ષણ મંત્રીએ જણાવી રાજયની શાળાઓના જન્મદિવસની ઉજવણી કરવાનો સરકાર દ્વારા નિર્ણય કરાયો હોવાનું પણ જણાવ્યુંહતું. ગુજરાત વિધાનસભામાં શિક્ષણ વિભાગની વર્ષ ૨૦૨૨-૨૩ની માગણીઓ ઉપરની ચર્ચા માટે શિક્ષણમંત્રીએ અંદાજપત્રીય પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આગામી સમયમાં ધોરણ ૧ અને ૨માં અંગ્રેજી વિષય દાખલ કરવામાં આવશે. એટલે કે હાલમાં ધોરણ-૩થી અંગ્રેજી ભણાવાય છે તેમાં હવે ધોરણ-૧-૨ પણ સામેલ કરાશે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન મોદી તાજેતરમાં ગુજરાતના પ્રવાસે હતા ત્યારે રાજયની શાળાઓના જન્મ દિવસની ઉજવણી કરવાનુંસૂચન કર્યુંહતું. જેની અમલવારી કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિર્ણય કર્યો છે અને શિક્ષણ વિભાગનેસૂચનાઆપી છે.ત્યારે આગામી સમયમાં રાજયની શાળાઓના જન્મ દિવસની ઉજવણી થશે. તો બીજી તરફ હિજાબ મામલે પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યું હતું કે, હિજાબને લઈ કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા સૂચન આપ્યા છે. તે મુજબ રાજયમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પણ શિક્ષણ વિભાગે પરિપત્ર કર્યો હોવાની કબૂલાત શિક્ષણ મંત્રી એ કરી હતી. શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, કેશુભાઈથી શરૂ થઈને ભૂપેન્દ્ર ભાઈ સુધીની સરકારમાં શિક્ષણને વેગ મળ્યો છે. પહેલા વિપક્ષે પણ કર્યું હશે. જેને તાયફા કહેવાતા હતા, તેમાં હવેવાલીઓ દીકરીને સ્કૂલે મોકલે છે. વોટબેંકનીરાજનીતિ નથી. નરેન્દ્ર મોદીએદીકરીઓને ભણાવવાની ભીખ પણ માંગી હતી. અહીંયા પણ હાથ ઊંચા કારાવીએ તો ખબરપડે કેકેટલા ૮ ધોરણસુધી ભણ્યા છે. શિક્ષકો, ઓરડાની ઘટની વિપક્ષે વાત કરી છે. ભૂતકાળમાં જેવી સ્થિતિ હશે તેવું તેસરકારે કર્યુંહશે. શાળાઓએક શિક્ષકથી ચાલે છે એવીવાતોથઈ. ૭૫૪ શાળા એક શિક્ષકની કેહવાઈ છે, આવી શાળાઓમાં નજીકની શાળામાંથી શિક્ષકની વ્યવસ્થા કરી છે. જે શાળા માં ૭,૯,૧૫,૧૮ વિદ્યાર્થીઓ હોય ત્યાં શિક્ષકો અપાય ? ૫૮૩ શાળામાં નજીકની શાળામાંથી શિક્ષક જાય છે. ૧૭૧ પ્રાથમિક શાળામાં ૨૦થી પણ ઓછા વિદ્યાર્થીઓ છે. શિક્ષણ મંત્રીએ ૧૯૯૩-૧૯૯૪ ના શિક્ષકો, શાળાની ઘટના આંકડા પણ રજૂ કર્યા હતા. સરકારી શાળાઓના મામલે દિલ્હીના આપ મોડેલને ગુજરાત સરકારે અનુસરવું જોઈએ. ધારાસભ્યોના એક વર્ષના પગાર જમા લઈ લો પણ શાફાઓ અને શિક્ષણને સુધારો. કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે વિધાનસભામાં જણાવ્યું હતું કે, શિક્ષણના મામલે ભાજપ અને કોંગ્રેસ ભૂલીને ભવિષ્યની પેઢીની ચર્ચા કરવી જોઈએ, શિક્ષકોને બિન શૈક્ષણિક કામ આપવાનુંબંધકરો. શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડમાં પણ સરકારની વાહ વાહ કરનારને જ મળે છે.



આક્ષેપોના જવાબમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના સભ્યો વારંવાર ભૂપેન્દ્રસિંહને ટાર્ગેટ કરવા માંગે છે. પહેલાં જે કહ્યું હતું એ કરીએ જ છીએ. ભૂપેન્દ્રસિંહએ કહ્યું, ત્યારે પરિસ્થિતિ અલગ હતી. ભણ્યા છીએ, સ્કૂલે ગયા છીએ, એમ કહી તેમણે ૨૫ ટકા ફી માફીનો મુદ્દો ઉડાવી દીધો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૪મી ગુજરાત વિધાનસભાના દસમાં સત્રમાં શોકદર્શકઉલ્લેખોરજૂ કર્યા હતા. મુખ્યમંત્રીએ પૂર્વ મંત્રી સ્વ.ડૉ.અનિલ જોષીયારા, પૂર્વ સભ્ય સ્વ. સતુભાઈ દેવુભાઈ ઠાકરીયા અને સ્વ. મહેશકુમાર કરમશીભાઈ મકવાણાના અવસાન અંગે દુ:ખની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# ધોરણ-૧૨ની પ્રાયોગિક પરીક્ષાના ગુણ બોર્ડને ઓનલાઈન મોકલવા આદેશ

### સાયન્સ અને સામાન્ય પ્રવાહના ગુણ ૨૬ માર્ચ સુધીમાં બોર્ડને મોકલવા સ્કૂલોને તાકીદ

અમદાવાદ, તા.૨૧ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએ યોજવા માટેની સૂચના આપી હતી. આ પરીક્ષા પુર્ણ થયા બાદ હવે સ્કૂલોએ ૨૬ માર્ચ સુધીમાં બોર્ડ સમક્ષ વિદ્યાર્થીઓના ગુણ ઓનલાઈન મોકલી આપવાના રહેશે. બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ફાળવેલા બેઠક નંબરના આધારે ઓનલાઈન ભરવાના રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા ૨૮ માર્ચથી લેવામાં આવનારી પરીક્ષા પહેલા પ્રાયોગિક પરીક્ષાનું શાળા કક્ષાએ આયોજન કરવામાં આવ્યું હતું. શાળા કક્ષાએ પ્રાયોગિક પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે બોર્ડ દ્વારા તેના ગુણ બોર્ડને મોકલી આપવા માટે સૂચના આપી છે. ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની શાળા કક્ષાના વિષય કમ્પ્યુટરની પ્રાયોગીક પરીક્ષા શાળાએથી લેવામાં આવેલી છે. કમ્પ્યુટર વિષય ધરાવતા વિદ્યાર્થીઓની પ્રાયોગીક પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઈટ ઉપર શાળાદ્વારા ઓનલાઈન ૨૬ માર્ચ સુધીમાં ભરવાના રહેશે. નિયત સમય મર્યાદામાં વિદ્યાર્થીઓની પ્રાયોગીક પરીક્ષાના ગુણ ઓનલાઈન ભરવા માટે સ્કૂલોને તાકીદ કરવામાં આવી છે. પરીક્ષાર્થીના વિષય બાબતે કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની કચેરી ખાતે સંપર્ક કરવા માટે સૂચના અપાઈ છે. ધોરણ-૧૨ સાયન્સની જેમ જ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા પણ શાળા કક્ષાએ લેવામાં આવી હતી. આ તમામ વિદ્યાર્થીઓના પ્રાયોગિક પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઈટ ઉપર શાળા દ્વારા ૨૬ માર્ચ સુધીમાં ઓનલાઈન ભરવાના રહેશે. સ્કૂલોએ વિદ્યાર્થીઓના ગુણ વિદ્યાર્થીઓને ફાળવેલા માર્ચ-૨૦૨૨ની પરીક્ષાના બેઠક નંબરના આધારે ભરવાના રહેશે. ઓનલાઈન માર્ક ભરવા માટેની તમામ સુચનાઓ શાળાના ઈન્ડેક્ષ નંબર અને નોંધાયેલા મોબાઈલ નંબરથી લોગીન કર્યા બાદ ઓનલાઈન મળી રહેશે.

# પંજાબના સીએમ ભગવંત માને ‘એન્ટી કરપ્શન હેલ્પલાઈન’ માટે પર્સનલ વોટ્સએપ નંબરની જાહેરાત કરી

ચંદીગઢ, તા. ૨૧ પંજાબના નવા મુખ્યમંત્રી ભગવંત માને ૨૩મી માર્ચના રોજ સ્વતંત્રતા સેનાની શહીદ ભગતસિંહની જન્મજયંતિ નિમિત્તે એન્ટી કરપ્શન હેલ્પલાઈન માટે પોતાનો પર્સનલ વોટ્સએપ નંબર જારી કરવાની જાહેરાત કરી છે. એક ટ્વિટમાં ભગવંત માને કહ્યું કે, આ હેલ્પલાઈન નંબર તેમનો પર્સનલ નંબર છે. માને કહ્યું કે, ૨૩મી માર્ચના રોજ હું એક હેલ્પલાઈન નંબર જારીકરીશ જે મારો અંગત નંબર હશે. પંજાબમાં જો કોઈ તમારી પાસે લાંચ માગે તો તેનો ઈન્કાર ના કરશો, એક વીડિયો અથવા ઓડિયો રેકોર્ડિંગ કરો અનેમારા નંબર ઉપર મોકલી દો. મારી ઓફિસ તેની તપાસ કરશે અને ગુનેગારોને છોડશે નહીં.’ ભગવંત માનો બુધવારે પંજાબના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. માન રાજ્યના ૨૮મા મુખ્યમંત્રી બન્યા હતા જેમાં કેટલાક મુખ્યમંત્રીઓએ અનેક વખથ શપથ લીધા હતા. આ જાહેરાત અંગે પ્રતિક્રિયા આપતાં આપના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, જો કોઈ તમારી પાસે લાંચ માગે તો ઈન્કાર કરશો નહીં તેના બદલે વાતચીતનું રેકોર્ડિંગ કરો અને તેનો વીડિયો અથવા ઓડિયો વોટ્સએપ નંબર ઉપર મોકલી દો. અમે ખાતરી આપીએ છીએ કે, તાત્કાલિક પગલાં લેવાશે. હિંદીમાં કરેલા ટ્વિટમાં દિલ્હીના મુખ્યમંત્રીએ માનને વધાવ્યા હતા અનો કહ્યું કે, પંજાબના લોકોને ખૂબ અભિનંદન. પંજાબમાં હવે લાંચ ટકશે નહીં. ભગવંત માનો ગુરૂવારે રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લેતાં પ્રથમ સભાને સંબોધી હતી. મુખ્યમંત્રીની કચેરીએ માહિતી આપી હતી કે, માનો રાજયના ટોચના અધિકારીઓ તથા પોલીસ અધિકારીઓને પોતાની ફરજ નિભાવવા સૂચના આપી છે.

# ભાજપ કર્ણાટકમાં સત્તા જાળવી રાખવા માટે યુપીની સફળતામાંથી બોધપાઠ લઈને રણનીતિ અખત્યાર કરશે

### યુપીની જેમ હિંદુત્વ, રાષ્ટ્રવાદ અને વિકાસ એ ચૂંટણીના મુખ્ય મુદ્દાઓ રહેશે

(એજન્સી) તા.૨૧ શાસક ભાજપ ૨૦૨૩માં કર્ણાટકમાં અત્યંત સુગ્રથિત અને સંગઠિત ચૂંટણી લડશે અને તાજેતરમાં ઉ.પ્ર., ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં સત્તા ટકાવીરાખવા માટે થયેલવિજય ઉપરથી બોધપાઠ લઈનો સૈદ્ધાંતિક રાજનીતિ જ્ઞાતિવાદી રાજનીતિને પરાજિત કરી શકે છે અને લોકોએ મોટા પાયે હિંદુત્વની રાજનીતિ સ્વીકારી છે એવું મુખ્ય પ્રધાન બસવરાજ બોમ્મઈએ જણાવ્યું છે. ભાજપ ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં કર્ણાટકમાં પુર્નઃ સત્તા પ્રાપ્ત કરવા માટે હિંદુત્વ, રાષ્ટ્રવાદ અને વિકાસ ઉપર આધારીત આ જ પ્રકારની રણનીતિ અપનાવશે એવો બોમ્મઈએ નિર્દેશ આપ્યો હતો. રવિવારે રાજયના ત્રણ નેતાઓ- કેન્દ્રીય પ્રધાનો શોભા કરાન્દલાજે અનેપ્રહલાદ જોષી, ભાજપના મહામંત્રી સી પી રવિનું ઉ.પ્ર., ઉત્તરાખંડ અને ગોવામાં અનુક્રમે સફળ પ્રચાર અભિયાન ચલાવવા બદલ તેમનું અભિવાદન કરવા માટે યોજાયેલ એક ઈવેન્ટમાં બસવરાજ બોમ્મઈએ આવું જણાવ્યું હતું. બોમ્મઈએ વધુમાં જણાવ્યું હતું કે યુપીની ચૂંટણીમાં જ્ઞાતિવાદી રાજનીતિ અંગે પુષ્કળ વિશ્લેષણ થયું હતુંપરંતુ આપણે એસમજવું જોઈએકે લોકો માત્ર જ્ઞાતિથી જ દોરવાય છે એવુંનથી પરંતુ તેઓ રાષ્ટ્રવાદી પણ છે. અમારી પાસે મોદીજીની પ્રતિષ્ઠાની તાકાત છે. અમારી પાસે અમારા કાર્યક્રમોની અને અમારા સંગઠનોની તાકાત છે. જો અમે સાથે કામ કરીશું અને આગળવધીશું તો અમે અમારો એજન્ડા સેટ કરી શકીશું. અમે ૨૦૨૩માં અમારી તાકાતથી જ અમે ફરીથી સત્તારુઢ થઈશુંઅને મને તેનો સંપૂર્ણ આત્મવિશ્વાસ છે એવું બોમ્મઈએ જણાવ્યું હતું. યેદીયુરપ્પાના પૂર્વ નિકટના સાથી કે જેમને ઉ.પ્ર.માં ૮૨ જેટલા મત ક્ષેત્રોની જવાબદારી આપવામાં આવી હતી એવા શોભા કરાન્દલાજેને આગામી વર્ષે રાજયની ચૂંટણી પૂર્વે કર્ણાટકમાં મોટી જવાબદારી સોંપવામાં આવશે એવું લાગી રહ્યું છે. બોમ્મઈએ જણાવ્યું હતું કે યુપી એ જ્ઞાતિવાદી રાજનીતિનો ગઢ છે. રાજયમાં જીત માટે એકતા અનો વફાદારીની જરૂર છે. સિદ્ધાંતની રાજનીતિએ જ્ઞાતિવાદીર રાજનીતિને માત કરી છે. આ મોદીજી અને યોગીજીની એક સિદ્ધિ છે જે ચૂંટણીના પરિણામો ઉપરથી સ્પષ્ટપણે જણાય છે.

# દિલ્હી મ્યુનિસિપલ ચૂંટણીઓને વિલંબમાં નાખવા માટે ભાજપ ચૂંટણી પંચને દબાણ કરી રહ્યું છે : આપનો આક્ષેપ

## આપે એવો આક્ષેપ કર્યો છે કે પંજાબના આપના વિજયથી ડરીને ભાજપે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ મોકૂફ રાખવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના એકીકરણની યોજના આગળ કરી છે

નવી દિલ્હી તા.૨૧ આમ આદમી પાર્ટીએ એવો આક્ષેપ કર્યો છે કે ભાજપ આગામી મ્યુનિસિપલ ચૂંટણીની તારીખોની જાહેરાતમાં વિલંબ કરવા માટે રાજય ચૂંટણી પંચ ઉપર દબાણ લાવી રહ્યું છે. સોમવારે ૧૪, માર્ચના રોજ આપના નેતાઓએ નવી દિલ્હીમાં ભાજપ વડા મથકને ઘેરાવ કર્યોહતો. ભાજપનું દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આધિપત્ય છેઅને ચૂંટણીમાં તેનો વિજય થયો હતો. પરંતુ પંજાબમાં વિજય સાથેઆપની નજર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપર મંડાયેલી છે. ૨૭૨ મ્યુનિસિપલ વોર્ડમાં દિલ્હીની ૯૭ ટકા વસ્તીને સેવા પૂરી પાડતી મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી (એમસીડી) વિશ્વની બીજા નંબરની સૌથી મોટી સ્થાનિક સંસ્થા છે. ગત સપ્તાહે એક પત્રકાર પરિષદમાં રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ચૂંટણીઓ એપ્રિલ, ૨૦૨૨માં યોજાશે પરંતુ ચૂંટણીની જાહેરાત મોકૂફ રાખવામાં આવી છે. રાજય ચૂંટણી પંચે પોતાના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ચૂંટણીઓ વિલંબીત કરવામાં આવી નથી, પરંતુ ત્રણ મ્યુનિસિપાલિટીનું પુર્નઃ જોડાણ કરવાના કેન્દ્ર સરકારના પ્લાનના સંદર્ભમાં કાનૂની અભિપ્રાય મેળવવો પડશે. ત્રણ મ્યુનિસિપાલિટી-સાઉથ, નોર્થ અને ઈસ્ટને જોડાણ કરવા માટે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટમાં સંસદના બજેટ સત્રના બીજા તબક્કા દરમ્યાન લાવવામાં આવનાર છે. ત્રણેય મ્યુનિસિપલ કોર્પોરેશનો અગાઉ એક જ મેયર હેઠળ સંચાલિત હતા પરંતુ ઝડપથી વધતી જતી વસ્તીના કારણે દિવંગત શીલા દિક્ષીત જ્યારે મુખ્યપ્રધાન હતાં જાન્યુ.૨૦૧૨માં તેનું ત્રણ ડિવિઝનમાંવિભાજન કરાયુંહતું. તેની પાછળનો હેતુ બહેતર પ્રશાસન માટે વહીવટી તંત્રનું વિકેન્દ્રકરણ કરવાનો હતો. પરંતુ આવકના સ્ત્રોતના અસમાન વિતરણને કારણે નોર્થ અને ઈસ્ટમાંનાણાંકીય સંકટ ઊભુંથયું હતું જેમાં સફાઈ કામદારો, શિક્ષકો, ડોક્ટરો અને અન્ય સ્ટાફ પોતાના પગારો નહીં થતાં હડતાલ ઉપર ઉતર્યા હતા. ત્યાર બાદ અન્ય બે કરતાંપણ વધુસારી નાણાકીય સ્થિતિ ધરાવનાર સાઉથ મ્યુનિસિપલ કોર્પોરેશનની નાણાંકીય સ્થિતિ પણ કોરોના મહામારીને કારણે કથળવા લાગી છે. આ સંદર્ભમાંહવે આપે એવો આક્ષેપ કર્યો છે કે પંજાબમાં આપના અભૂતપૂર્વ વિજયના કારણેભાજપે ચૂંટણી પંચને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં વિલંબ કરવા દબાણ કર્યુ છે. જો કે દિલ્હી ભાજપના પ્રમુખે જણાવ્યું છે કે ભાજપને ચૂંટણીનો ડરનથી. અદેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે અરવિંદ કેજરીવાલને ચૂંટણીનો ડર છે કારણ કેતેમની ભ્રષ્ટાચારી લીકર પોલિસીના કારણે લોકોમાં તેમના વિરૂધ્ધ ભારે નારાજગી છે.

### વિધાનસભામાં સરકારના જવાબમાં બહાર આવ્યું કે, ૮૦ ટકા દંડ વસુલાઈ શક્યો નથી !

# રાજ્યમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ ઈ-મેમોની વસુલાતમાં તંત્ર નિષ્ફળ !

### ૫૬.૧૭ લાખ ઈ-મેમોના રૂા.૩૭૦ કરોડના દંડ સામે હજુ ૩૦૯ કરોડની વસુલાત બાકી !

ગાંધીનગર, તા.૨૧ ગુજરાતભરમાં ડાંગ સિવાયના તમામ જિલ્લા તેમજ મોટા શહેરોમાં મોટાભાગના ટ્રાફિક જંક્શન ઉપર લગાવાયેલા કેમેરામાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા પકડાયેલા વાહનચાલકોને ૫૬,૧૭,૫૪૫ ઈ-મેમો ઈશ્યૂ કરવામાં આવ્યા છે. જોકે, રાજય સરકાર દંડની કુલ રકમમાંથી માત્ર ૬૧.૪૨ કરોડ રૂપિયા જ વસૂલ કરી શકી છે, જયારે ૩૦૯.૩૩ લાખ કરોડ રૂપિયા હજૂય વસૂલવાના બાકી છે.૨ આ માહિતી હાલમાં ચાલીરહેલા વિધાનસભા સત્રમાં વિપક્ષ દ્વારા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં રાજય સરકારે ગૃહ સમક્ષ રજૂ કરી હતી. રાજય સરકારે આપેલા આંકડા અનુસાર, ડાંગને બાદ કરતા ગુજરાતના તમામ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ-મેમો ઈશ્યૂ કરવામાં આવ્યા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૮,૨૩,૬૦૩ ઈ-ચલણ ઈશ્યૂ કરાયા છે, જેની વસૂલવામાં આવેલી દંડની રકમ ૧૪.૫૨ કરોડ રૂપિયા થાય છે,૨ જ્યારે ૧૦૭.૭ કરોડ રૂપિયાર વસૂલ કરવાના બાકી છે. અમદાવાદ પણ બીજા ક્રમે રાજકોટ જિલ્લો આવે છે, જ્યાં ૧૪.૯૨ લાખ ઈ-મેમો ઈશ્યૂ થયા છે જેની દંડની ૧૭.૫૭ કરોડ રૂપિયા રકમર વસૂલ થઈ છે, જયારે બાકી નીકળતી રકમ ૧૧૩.૬ કરોડ રૂપિયા થાય, જે અમદાવાદથી પણર વધારે છે. નવાઈની વાત એ છે કે, રાજકોટમાં અમદાવાદ કરતાં ઓછા મેમો જનરેટ થયા છે, પરંતુ દંડની વસૂલાયેલી અને બાકી નીકળતી રકમનો આંકડો અમદાવાદથી વધારે થાય છે.



અમદાવાદ અને રાજકોટની સરખામણીએ સુરતમાં માત્ર ૧.૬૯ લાખ ઈ-મેમો ઈશ્યૂ કરાયા છે, જેમાંથી દંડની કુલ ૧.૧૫ કરોડની રકમ જમા થઈ છે, અને ૯.૮૪ કરોડ રૂપિયાર વસૂલવાના હજુ બાકી છે. આમ, ઘરે આવેલા ઈ-મેમોનો દંડ ન ભરવાનુંપ્રમાણ અમદાવાદ અને રાજકોટ કરતાં સુરતમાં વધારે થાય છે. વડોદરામાં બે વર્ષ દરમ્યાન ૯.૮૨ લાખ ઈ-મેમો ઈશ્યૂ થયા છે, જેની દંડની રકમ ૯ કરોડથાય છે, પરંતુ જિલ્લામાં અડધાથી ઉપર દંડ વસૂલવાનો બાકી છે, જે રકમ ૫.૩૫ કરોડ રુપિયા થાય છે. રાજ્ય સરકારે જાહેર કરેલા આંકડા અનુસાર, રાજયના ૩૩ જિલ્લામાંથી ૧૩ જિલ્લાએવા છે કેજ્યાં બે વર્ષમાં ૫૦ હજારથી પણ વધુ ઈ-મેમો ઈશ્યૂ થયા છે.

### અત્યાર સુધી ૩૦ લાખ લોકોએ છોડ્યું યુક્રેન

# યુદ્ધની કરૂણ વાસ્તવિકતા : દર સેકન્ડે એક બાળક શરણાર્થી બનવા મજબૂર

નવી દિલ્હી,તા.૨૧ એક તરફ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે તો બીજી તરફ લોકો પોતાનો જીવ બચાવવા માટે ભાગી રહ્યા છે. જ્યારથી બંને દેશો વચ્ચે યુદ્ધ શરૂ થયું છે ત્યારથી અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ લોકોએ યુક્રેનથી પલાયન કર્યું છે. ઈંટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ માઈગ્રેશનએ આ અંગે જાણકારી આપી છે. શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રમાં બનેલી એજન્સી યુએનએચસીઆરના પ્રવકતા મેથ્યૂ સૉલ્ટમાર્શએ જણાવ્યું કે યુક્રેનમાં પલાયન કરનારામાં સૌથી વધારે બાળકો અને મહિલાઓ સામેલ છે. સંયુક્ત રાષ્ટ્ર અનુસાર ૨૪ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં લગભગ ૧૫ લાખ બાળકોએ યુક્રેન છોડ્યું છે. સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું કે છેલ્લાં ૨૦ દિવસમાં દરરોજ ૭૦હજાર યુક્રેની બાળકો શરણાર્થી બની રહ્યા છે, એટલે કે દરેક મિનિટે ૫૫ અને દરેક સેકન્ડે એક બાળક શરણાર્થી બની રહ્યો છે. યુક્રેનમાંથી નીકળીને લોકો પાડોશી દેશમાં શરણ લઈ રહ્યા છે. સૌથી વધુ લોકો પોલેન્ડ પસંદ કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર અનુસાર અત્યાર સુધી ૧૮.૩૦ લાખથી વધુ નાગરિક પોલેન્ડમાં શરણ લઈચૂક્યા છે. બીજી તરફ રોમાનિયામાં ૪.૫૯ લાખ, મોલદાવામાં ૩.૩૭ લાખ, હંગરીમાં ૨.૬૭ લાખ અને સ્લોવાકિયામાં ૨.૧૩ લાખ શરણાર્થી છે. કેટલાક લોકો રશિયા અને બેલારૂસ પણ ગયા છે. રશિયા જનારા લોકોની સંખ્યા ૧.૪૨ લાખ છે જ્યારે બેલારૂસમાં લગભગ દોઢ હજાર લોકો શરણ લઈ ચૂક્યા છે. સંયુકત રાષ્ટ્ર અનુસાર, ૨૦૨૧ના મધ્ય સુધીમાં સમગ્ર વિશ્વમાં ૨.૬૬ કરોડ લોકો શરણાર્થી બનીને જીવી રહ્યા છે.

# ફેડરલ રિઝર્વના નિર્ણય બાદ સૌની નજર આરબીઆઈના પગલા ઉપર, એપ્રિલમાં મળશે બેઠક

નવી દિલ્હી તા. ૨૧

આવતામહિને ભારતીયરિઝર્વ બેંકની મહત્વપૂર્ણ નાણાકીય નીતિ સમિતિ (**RBI MPC meing**) ની બેઠક યોજાશે. માર્ચમાં મળેલી બેઠકમાં યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજ દરમાં ૦.૨૫ ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ પછી રિઝર્વ બેંક ઉપર વ્યાજ દર વધારવાનું દબાણ પણ વધી ગયું છે. રિપોર્ટ અનુસાર એપ્રિલમાં યોજાનારી બેઠકમાં રિઝર્વ બેંક મોંઘવારીને બદલે વૃદ્ધિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે અને વ્યાજ દરમાં કોઈ ફેરફારની શક્યતા ઓછી છે. તાજેતરમાંમાં મળેલી રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં સતત ૧૦મી વખત વ્યાજ દરમાં ફેરફાર નહીં કરવાનો નિર્ણય લેવામાં આવ્યોહતો. હાલમાં રેપો રેટ ૪ ટકા અને રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા છે.

સતત બીજા મહિને રિટેલ મોંઘવારી દર રિઝર્વ બેંકની ૬ ટકાની અપર લીમીટને વટાવી ગયો છે. ફેબ્રુઆરીમાં છૂટક મોંઘવારી દર ૬.૦૭ ટકાએ પહોંચ્યો હતો, જે આઠ મહિનામાં સૌથી વધુ છે. જાન્યુઆરીમાં આ મોંઘવારી દર ૬.૦૧ ટકા હતો. ફેબ્રુઆરીમાં જથ્થાબંધ મોંઘવારી દર વધીને ૧૩.૧૧ ટકા થયો હતો. ફેબ્રુઆરીમાં જથ્થાબંધ મોંઘવારી દર વધીને ૧૩.૧૧ ટકા થયો હતો.

મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલનું કહેવું છે કે રશિયા-યુક્રેન સંકટને કારણે કાચા તેલમાં વધારો હાલ ચાલુ રહેશે. આવી સ્થિતિમાં મોંઘવારીનું દબાણ પણ રહેશે. આ જ કારણ છે કે રિઝર્વ બેંક આ સ્થિતિમાં મોંઘવારી બદલે વૃદ્ધિ ઉપર ધ્યાન આપવા માંગે છે. મતલબ કે વર્તમાન નાણાકીય વર્ષમાં સરેરાશ મોંઘવારીનો દર ૫.૨ ટકાથી ૫.૪ ટકાની રેન્જમાં હોઈ શકે છે.

તમને જણાવી દઈએ કે યુએસ ફેડરલ રિઝર્વે ૨૦૧૮ પછી પહેલીવાર વ્યાજ દરમાં વધારો કર્યો છે. ૧૬ માર્ચે તેણે વ્યાજ દરમાં એક ક્વાર્ટર ટકાનો વધારો કર્યો હતો. ફેડરલ રિઝર્વ દ્વારા કહેવામાં આવ્યું હતું કે આ વર્ષના અંત સુધીમાં તે વ્યાજ દર ૧.૭૫ ટકાથી વધારીને ૨ ટકા કરી શકે છે. યુએસમાં મોંઘવારી દર હાલમાં ચાર દાયકાના સર્વોચ્ચ સ્તરે છે. આ જ કારણ છે કે ફેડરલ રિઝર્વ પર વ્યાજ દર વધારવાનું દબાણ છે. આગામી મહિને ૬ થી ૮ એપ્રિલની વચ્ચે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મહત્વની બેઠક મળવાની છે. ફેડરલ રિઝર્વના નિર્ણયની સીધી અસર આ પોલિસી બેઠક ઉપર પડશે. છેલ્લા પાંચ મહિનાથી મોંઘવારી સતત વધી રહી છે. રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે મોંઘવારી દર ૫.૩ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે, આ સાથે આગામી નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટર એટલે કે એપ્રિલ-જૂન ૨૦૨૨ માટે તેને ૪.૯ ટકા રાખવામાં આવ્યો છે.

# માતા-પિતા જીવતા હોય ત્યાં સુધી દિકરો પિતાની સંપત્તિ ઉપર હકક જમાવી શકે નહીં : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ તા. ૨૧

બોમ્બે હાઈકોર્ટે પારિવારીક સંપત્તિને લઈને એક મહત્વની ટિપ્પણી કરી છે. હાઈકોર્ટે કહ્યું કે, મા-પિતા જીવતા હોય ત્યાં સુધી કોઈ પણ દિકરો પ્રોપર્ટી ઉપર હકક જમાવી શકે નહીં.

હકીકતમાં એક દિકરાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી કે, તેની માતાને બે ફ્લેટ વેચતા રોકવામાં આવે. આ શખ્સના પિતા છેલ્લા કેટલાય વર્ષોથી હોસ્પિટલમાં ભરતી છે તથા વેઝિટેટિવ સ્ટેટમાં છે. એટલે કે મેડિકલ ટર્મની ભાષામાં એક રીતે તેઓ કોમામાં છે.

આવી સ્થિતિમાં હાઈકોર્ટે ગત વર્ષે તેની માતાને પરિવાર ચલાવવા માટે કાયદાકીય અધિકાર આપ્યા હતા. એટલે કે, તે ઈચ્છે તો પતિની સારવાર માટે કોઈ પણ પ્રોપર્ટી વેચી શકે છે.

એક રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને ન્યાયમૂર્તિ માધવ જામદારે આ શખ્સને કહ્યું કે, તારા પિતા જીવતા છે. તમારી માતા જીવતા છે. ત્યારે આવા સમયે આપને આપના પિતાની સંપત્તિમાં કોઈ રસ ન હોવો જોઈએ. તેઓ તેને વેચી શકે છે. તેમને તમારી મંજૂરીની જરૂર નથી.

આપને જણાવી દઈએ કે, ગત વર્ષો ઓક્ટોબરમાં મુંબઈની જેજે હોસ્પિટલે હાઈકોર્ટે પોતાના રિપોર્ટમાં કહ્યું હતુ કે, પિતાને વર્ષ ૨૦૧૧માં ડિમેંશિયા છે. તેમને ન્યૂમોનાઈટિસ અને બેડ સોર છે. તેમને નાકથી ઓક્સિજન આપવામાં આવે છે. સાથે જ ટ્યૂબ દ્વારા ખાવાનું ખવડાવવામાં આવેછે. તેમની આંખો માણસની જેમ ફરેતો છે, પણ આઈ કોન્ટેક્ટ જાળવી શકતા નથી. તેથી તેઓ કોઈ નિર્ણય લઈ શકતા નથી. દિકરાએ વકીલને કહ્યું કે, તે કેટલાય વર્ષથી પિતાના વાસ્તવિક અભિભાવક છે. તેના ઉપર જસ્ટિસ પટેલે કહ્યું કે, આપે ખુદ કાયદાકીય અભિભાવક નિયુક્ત કરવા માટે આગળ આવવું જોઈતું હતું. આપ તેમને એકેય વાર ડોક્ટર્સ પાસે લઈ ગયા ? આપે મેડિકલ બિલની ચૂકવણી કરી ?

ન્યાયાધીશોએ પોતાના ૧૬ માર્ચના આદેશમાં ઉલ્લેખ કર્યો છે કે, અરજીકર્તાઓએ મોટી સંખ્યામાં દસ્તાવેજો ભેગા કર્યા છે, જેમાં મા દ્વારા ચૂકવણી કરવામાં આવેલ ખર્ચ અને બિલો દર્શાવામાં આવ્યા છે. તેમની સાથે પોતાના તર્કના સમર્થનમાં એક પણ કાગળનો ઉલ્લેખ કર્યો નથી. હાઈકોર્ટે કહ્યું કે, કોઈ પણ સમુદાય અથવા ધર્મ માટે ઉત્તરાધિકાર કાનૂનની કોઈ પણ વ્યાખ્યામાં, દિકરો આ ફ્લેટમાંથી કોઈપણમાં કોઈ અધિકાર હોઈ શકે નહીં.

# લોઢવા ગામે હોલીકા ઉત્સવ ઉજવાયો





(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૨૧

લોઢવા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ હોલીકા દહનનો ઉત્સવ ઉજવાયો હતો. ગામમાંથી વીસેક ટ્રેકટર જેટલા લાકડા ભેગા થાય છે. ગામના બધા જ લોકો એકસંપથી આ ઉત્સવમાં ભાગ લે છે. સાંજે ૭:૨૫ વાગ્યે હોળી પ્રગટાવવામાં આવેલ હતી તે પછી નવા જન્મેલા બાળકોને આ હોળીની પ્રદક્ષિણા કરાવવામાં આવે છે. આ કાર્યક્રમ મોડી રાત સુધી ચાલે છે. બધાજ ગ્રામજનોએ દર્શન કર્યા હતા. ધુળેટીના દિવસો ૨ા ની શોભાયાત્રા સવારે કાઢવામાં આવી હતી અને સાંજે ૪ કલાકે સંગીત સાથે દાંડીયા રાસ યોજાયા હતા. ગામના લોકો ધુળેટીના દિવસો રાસાયણીક રંગોથી દુર રહે છે અને એક બીજા હળીમળીને ઉલ્લાસથી હોલીકા ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

# નાગરવેલના પાનનો આ પ્રયોગ વર્ષો જૂના સાંધાના દુ:ખાવા દૂર કરવા ખૂબ જ ઉપયોગી


નમસ્કારદોસ્તો,આજકાલઘણા લોકોને સાંધાના દુ:ખાવા જેવી અનેક સમસ્યા થતી હોય છે જેની પાછળ કારણનું કારણ આજની જીવનશૈલી છે.ઘણા લોકો સાંધાના દુખાવા દૂર કરવા દવાઓ લે છે તો કેટલાક લોકો કુદરતી રીતે દુખાવાને દૂર કરવાનો પ્રયાસ કરે છે.જો તમે પણ સાંધાના દુ:ખાવાથી રાહત મેળવવા માટે કુદરતી ઉપાયો શોધી રહ્યા છો,તો ચિંતા કરશો નહીં.

આજે અમે તમને આવો જ એક સરળ ઉપાય જણાવીશું જે સાંધાના દુ:ખાવામાંથી રાહત આપશે.આમ તો તમે નાગરવેલના પાન વિશે તો સાંભળ્યું જ હશે, સૌરાસ્ટ્રના ચરોતર વિસ્તારમાં નાગરવેલના પાનની ખેતી ભરપૂર પ્રમાણમાં કરવામાં આવે છે.આ પણ આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી છે.જેમ કે શરદી,ઉધરસ,કફ થયો હોય તો નાગરવેલના ૧-૨ પાન ખાવા જોઈએ.

આનાથી શરદી,ઉધરસ અને કફની બીમારીમાંથી છુટકારો મળે છે.નાગરવેલનું પાન આપણી પાચનશક્તિને ખૂબ મજબૂત કરે છે.વાત કરીએ તો જે લોકોને સાંધાના દુ:ખાવા,કમરનોદુ:ખાવો,હાડકા નબળા હોય, આવા તમામ દુ:ખાવા દૂર કરવા નાગરવેલનું પાન ખૂબ લાભદાયી છે.


આ માટે શું કરવું? તો સૌથી પહેલા નાગરવેલના તાજા પાન લેવા, તેમાં મેથીના દાણા જેટલો ચૂનો (પાનમાં નાખો છો તે ચૂનો ) નાગરવેલના પાન પર લગાવો.આટલું કર્યા પછી આ પાનને ભૂંગળી ટાઈપ બનાવી દો. ત્યારબાદ આ પાનને ધીમે-ધીમે ચાવીને ખાઈ જાઓ.આ પાન ખાવાથી કેલ્શિયમની ઉણપ પૂર્ણ થાય છે. આ પ્રયોગ અઠવાડીયામાં ફક્ત એક વાર કરવાનો છે, એ પણ સવારે નાસ્તો કર્યા પહેલા આ પ્રયોગ કરવાનો છે. આ પાન ખાવાથી સાંધાના તમામ દુ:ખાવામાંથી છુટકારો મળશે.

# વિજ્ઞાનની આંખે- અધ્યાત્મની પાંખે :ઓરા-કુંડલિની: નાડી ચક્રો










લેખ ૧૮માં સહસ્રાર એટલે કે ક્રાઉનચક્ર વિષે જાણ્યું, એ પણ જોયું કે અસંતુલિત ક્રાઉનચક્ર ક્યા પ્રકારના રોગ/સમસ્યા ઉત્પન્ન કરી શકે. હવે થોડું એ સમજીએ કે આ ચક્રને સંતુલિત કેમ કરવું. એ પહેલાં એક પાયાનો પ્રશ્ન. ક્રાઉનચક્ર શા માટે સંતુલિત કરવું જોઈએ? ચાલો એ જોઈએ. એક તો દેખીતો જ ફાયદો છે કે અસંતુલિત સહસ્રારચક્રને કારણે થતા રોગ/તકલીફ થી બચી શકાય. એ સિવાય શું? ઘણી વખત એવું બને કે જિંદગીમાં એક પ્રકારનો કંટાળો આવી ગયો હોય - **'fed up with life'** જેવી પરિસ્થિતિ. ક્રાઉનચક્ર સંતુલિત થાય તો આ પરિસ્થિતિ દૂર થાય, નવો ઉત્સાહ જન્મે, કુદરતની દરેક રચનાનું સૌંદર્ય માણતાં થઈ જઈએ; ખુદના અભિમાની કે જક્કી વ્યક્તિત્વ સાથે કુસ્તી કરતાં હોઈએ તો તે દૂર થાય, દરેક ઘટનાઓને હળવાશથી લેતા થઈ જઈએ, પહેલાં જે ઘટના સમગ્ર અસ્તિત્વને હચમચાવી દેતી તે જ ઘટના માટેનો પ્રતિભાવ હવે એવો હોય કે 'ચાલ્યા કરે એવું તો', જિંદગીના દરેક પાસાંને એક વિસ્તૃત પરિપેક્ષમાં લેતા થઈ જઈએ, 'અત્યારની' ઘડીમાં જીવવા લાગીએ, ન ભૂતકાળની ઘટનાઓને યાદ કરી દુ:ખી થઈએ, ન ભવિષ્યનું વિચારી ચિંતા કરીએ, એક પ્રકારની અજીબ શાંતિ આપણા સમગ્ર અસ્તિત્વને ઘેરી વળે, એક એવું ઈન્જેકશન લાગે કે શાંતિનું સામ્રાજ્ય સ્થપાય જાય, ડહાપણ પણ આવી જાય, એવી શાંતિ અને ડહાપણ કે જે મૂંઝવણ દૂર કરે, ઉત્સાહ સીંચે અને પ્રેરણા પણ આપે, જાતને અને અન્યને સમજવામાં મદદ કરે, બ્રહ્માંડની શક્તિમાં વિશ્વાસ જગાવે, "પ્રાણ જાય પણ પ્રકૃતિ ન જાય" એ કહેવત ખોટી પાડે અને આશ્ચર્ય થાય કે શું હું એ જ વ્યક્તિ છું (જે આજ સુધી હતી?). ટૂંકમાં, સમગ્રવ્યક્તિત્વ અને માનસિક ગતિવિધિઓમાં આમૂલ પરિવર્તન આવી જાય. આમ આધ્યાત્મિક પ્રગતિ તો છે જ પરંતુ બાયપ્રોડક્ટ તરીકે બીજું ઘણું બધું કોમ્બો પેકેજ છે.

ઉપરનું ચિત્ર બહુ ગુલાબી લાગે છે ને? થોડું ધ્યાનમાં લાવું કે એ સ્થિતિમાં પહોંચવામાં થોડો સમય અને મહેનત તો લાગે. એ પણ ચોક્કસ છે કે ગંતવ્ય સ્થાન - **Destination** જેટલું આનંદદાયક હશે તેટલી જ પ્રયાસોની યાત્રા પણ આહલાદક હશે. યુરોપમાં ફરવા જઈએ તો બે શહેર વચ્ચે કે બે દેશ વચ્ચેની યાત્રા પણ મંત્રમુગ્ધ થઈને માણીએ છીએ ને! બસ આવું જ અહીં પણ. પહોંચવામાં સમય લાગે તો એ દરમ્યાન પણ જલસો. જાત-જાતની અને ભાત-ભાતની અનુભૂતિઓ એ પ્રવાસમાં સાથે રહેશે. પુસ્તકો લખી શકાય તેટલી. ફક્ત પ્રતિબધ્ધતા, ધીરજ અને 'યોગ્ય' દિશાના પ્રયાસ આવશ્યક છે.

આ યાત્રાની દિશા કઈ હોવી જોઈએ, ક્રાઉન ચક્ર કેવી રીતે ખોલી શકાય કે સંતુલિત કરી શકાય.

● સૌથી ઉપર રહેશે 'ધ્યાન'. બીજા રસ્તાઓ છે પરંતુ ક્રાઉનચક્ર સંતુલન માટેનો સર્વોત્તમ રસ્તો 'ધ્યાન' છે કારણ કે આ ચક્રનો મૂળભૂત સંબંધ તો આધ્યાત્મિકતા સાથે છે. ધ્યાનમાં આંખ બંધ કરીએ છીએ પરંતુ ખરેખર તો એ આંખ ખોલવાનો પ્રયાસ છે, અંતર્ચક્ષુ ખોલવાનો પ્રયાસ છે, એક નવી જ દુનિયા તરફ જવાનો રસ્તો છે.

અસંખ્ય ધ્યાન પદ્ધતિ છે જેમાંથી ફાવે તે અને ગમે તે પદ્ધતિ અપનાવી શકાય. ઓશોનું એક પુસ્તક '112 Meditations to Discover the Mystery Within' જોઈ શકો છો. નામ પ્રમાણે જ તેમાં અનેક ધ્યાન પદ્ધતિઓ દર્શાવેલ છે, pasand તે આપણી. તે જ રીતે ઘણી મોબાઈલ એપ પણ છે, મોટા ભાગની નિ:શુલ્ક છે. નીચે થોડાં નામ આપ્યા છે. અહીં પણ ફાવે તે અને ગમે તે ડાઉનલોડ કરી શકો છો.

- The Mindfulness
- Headspace
- Calm
- Buddhify.
- Sattva.
- Stop, Breathe & Think....
- Insight Timer.
- 10% Happier
- Breathe
- Omvana
- Simple Habit
- Meditation and Relaxation Pro

યોગ્ય માર્ગદર્શન મુજબ સહસ્રારચક્રનું ધ્યાન કરી શકીએ તો અતિ ઉત્તમ.

● આપણી આસપાસના વાતાવરણને શક્ય તેટલું સરળ બનાવીએ. નકામી/જૂજ વપરાતી વસ્તુઓનો નિકાલ કરીએ. જે વધારાનો કચરો આસપાસમાં ભર્યો છે તે માનસિક તકલીફ કરી શકે અને નકારાત્મક લાગણીઓ પણ જન્માવી શકે. ઘર/ઓફિસમાંની બધી વસ્તુઓના ૩ ભાગ પાડીએ, વસ્તુઓ કે જે રાખવાની છે, વસ્તુઓ કે જે દાનમાં આપી શકાય અને છેલ્લે વસ્તુઓ કે જે ફેંકી દેવાની છે કે કોઈ પણ રીતે તેનો નિકાલ કરવાનો છે. આજુબાજુનું વાતાવરણ સાફ કરીએ ત્યાં નવી ઊર્જા માટે જગ્યા બનાવીએ તેની સાથે જ મનમાં પણ નવી જગ્યા બનશે, નવી ઊર્જા આવશે જે ક્રાઉનચક્ર સંતુલિત કરવા માટે અતિ લાભદાયક સાબિત થશે.

● સહસ્રારચક્રનો બીજ મંત્ર છે 'ૐ'. તેનું ઉચ્ચારણ તો ફાયદો કરે જ. એ સિવાય અમુક ખાસ પ્રકારના ધ્વનિની બહુ જ લાભદાયક અસર છે. બાઈનોરલ બિટ્સ અને સોલફેજીઓ ફ્રિક્વન્સીનું સંગીત મદદરૂપ બની શકે. આ સાથેની બંને લિંક ચેક કરી શકો છો.

963 Hz ? Activate Pineal Gland? Heal Crown Chakra? Solfeggio Sleep Music https://www.youtube.com/watch?v=hrCgrF9Vczw&t=21082s

Binaural Beat Crown Chakra Meditation: Healing Meditation Music Relax Mind Body, Sleep Meditation: https://www.youtube.com/watch?v=SkqIvWc9NsU

● નિયમિત રીતે થોડો સમય મૌનમાં વિતાવીએ. મૌનની સૌથી વધુ હકારાત્મક અસર ક્રાઉનચક્ર ઉપર છે. મૌન મતલબ વોટ્સએપ જોવામાંથી પણ મૌન.

ખુદના વિચારોને માનવાનું છોડી દઈએ. થોડું અટપટું વાક્ય લાગતું હશે કદાચ આ. પરંતુ લગભગ તમામ લોકોએ અનુભવેલી અને વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલી વાત છે કે આસપાસના વાતાવરણની અને વ્યક્તિઓની ગાઢ અસર આપણા વિચારો પર થાય છે. વ્યક્તિ જેટલી વધુ ઊર્જા સંવેદનશીલ તેટલી આ અસર વધારે. બહુ ભીડભાડમાં ઘણી વખત કોઈ નાનો નિર્ણય લેવામાં પણ મુશ્કેલી પડે છે. કોઈ મોલમાં ઘુસ્યા અને ભીડ બહુ છે. તો કપડાં ખરીદવાં જેટલી સામાન્ય વસ્તુમાં પણ ગૂંચવાઈ જઈએ. કારણ એ છે કે ત્યાં હાજર દરેક વ્યક્તિના વિચારો આપણા વિચારો સાથે ભળી જાય અને અંતે ગૂંચવણ ઉભી થાય. સારો સેલ્સમેન આપણા વિચારોને પ્રભાવિત કરી દે અને જે ન ખરીદવું હોય તે પણ ભટકાડી દે. દિવસમાં સરેરાશ ૬૦૦૦૦ વિચાર આવે. બધા કંઈ ખુદના જ હોય તેવું જરા પણ જરૂરી નથી. એક વોટ્સ અપ મેસેજ વાંચીએ તો એમ લાગે કે કોઈ એક નેતા જ દેશની પ્રગતિ કરશે, બીજો વાંચીએ તો ત્યારે એમ લાગે કે આ નેતા તો દેશને અધોગતિના ખાડામાં નાખી દેશે. આમ વિચારો બીજાના વિચારોથી બહુ જલ્દી પ્રભાવિત થાય છે. માટે ખુદની વિચારધારાને જ પડકારીએ. અન્યોના વિચારોને તો ઘણી વખત ચેલેન્જ કર્યા હશે. હવે આપણા વિચારોનો વારો. પ્રયાસ કરીએ સમજવાની કે હું જે માનું છું તેનાથી વિરૂદ્ધ સાચું હોઈ શકે? કેટલું સાચું હોઈ શકે? એક નવા જ દ્રષ્ટિકોણની શોધ થશે. મન અને હૃદય આ સાથે વિશાળ થશે. જક્કીપણું ઓછું થશે. અભિમાન ઓછું થશે. બાયરન કેટી નામના એક અત્યંત પ્રસિદ્ધ અમેરિકન લેખિકાના શબ્દો છે: "I discovered that when I believed my thoughts, I suffered, but that when I didn`t believe them, I didn`t suffer, and that this is true for every human being. Freedom is as simple as that." આ પ્રબુદ્ધ લેખિકાની સાઈટ https://thework.com/ રસ ધરાવતા લોકોએ ચેક કરવા જેવી છે. એવું માનવામાં આવે છે કે આપણા ૯૮% વિચારો ખરેખર તો બીજા કોઈના હોય છે. એક આદત તરીકે દરેક વિચાર સાથે પ્રશ્ન ઉઠવો જોઈએ કે આ વિચાર કોનો છે. 'Who Does This Belong To' નામની એક મોબાઈલ એપનો ઉપયોગ આ આદત કેળવવા માટે કરી શકાય.

● મનને 'સતત આભાર' માનતું (Gratitude Mode) કરી દઈએ - આભાર પરિસ્થિતિનો, આસપાસની વ્યક્તિઓનો, સંજોગોનો, દરેક વસ્તુનો. દરરોજ એક ડાયરીમાં ૧૦થી શરૂ કરી શક્ય તેટલી વધુ વ્યક્તિઓ/વસ્તુઓ નોંધીએ અને તે તમામનો આભાર માનીએ. આ બનશે આપણું 'Gratitude Journal'. જો શાંતિથી વિચારીએ તો ગણી ગણાય નહિ તેટલી વ્યક્તિ અને વસ્તુઓ આ માટે મળી રહેશે. પાવરકટ પછી જયારે વીજળી પાછી આવે ત્યારે ખ્યાલ આવે છે કે વીજળીનું કેટલું મહત્ત્વ છે, આભાર માનીએ વીજળીની શોધ કરનારનો, શરીરના પ્રત્યેક અંગની કામગીરી વિચારી તે તમામ અંગનું મહત્ત્વ સમજી એક પછી એક બધાનો આભાર માનીએ, પતિ/પત્ની વિષે જે કંઈ ફરિયાદ હોય તેને બાજુએ મૂકીને એ યાદ કરીએ કે તેનું આપણી જિંદગીમાં કેટલું મહત્ત્વ છે અને તેણે આપણે માટે આજ સુધીમાં શું કર્યું છે. બધી ફરિયાદ ઓગળી જશે અને આભાર માનવાના અનેક કારણો મળી જશે; કુટુંબીજનો, મિત્રોને માટે પણ આ જ વાત લાગુ પડશે. એકવાર આભારની મનોસ્થિતિની આદત પડશે પછી દરેક વસ્તુમાં બધું હકારાત્મક જ દેખાશે જે બ્રહ્માંડની ઊર્જાને સહસ્રારચક્ર દ્વારા પુરા શરીરમાં ઉતારવામાં અત્યંત મદદરૂપ બનશે.

● એવી વસ્તુઓ શોધી કાઢીએ જેનાથી પ્રેરણા પ્રાપ્ત થાય. દરેક વ્યક્તિને જૂદી-જૂદી વસ્તુઓથી પ્રેરણા મળે - કોઈને સંગીતથી તો કોઈને મૂવીઝથી તો કોઈને કુદરતના ખોલે પહોંચી જવાથી. કોઈને ટેલિવિઝનનાં કોઈ કાર્યક્રમ દ્વારા તો કોઈને કોઈ વ્યક્તિ દ્વારા. આપણું પ્રેરણાસ્રોત્ર આપણે જ શોધવાનું. તેનો મહત્તમ લાભ લેવાનો.

● કુદરત સાથે સમય પસાર કરીએ. ખાસ કરીને પર્વતો ખુંદીએ. વાતાવરણ આપણા વિચારોને પ્રભાવિત કરે, વિચારોને એવા આંદોલનો સાથે મેળવે જે સહસ્રારચક્રને સંતુલિત કરી શકે. તાજી હવા અને સૂર્યપ્રકાશ લાભકારક જ રહેશે, તંદુરસ્તી માટે પણ અને સહસ્રારચક્ર માટે પણ. ચક્રોમાં કૈલાશ એવા ક્રાઉનચક્રની વાત આપણે કરી રહ્યા છીએ. કૈલાસ પર્વત ઉપર એકધારૂં તો ચડી ન શકાય, વચ્ચે વિરામ જરૂરી. આપણી વાતને પણ અહીં વિરામ આપીએ. ક્રાઉનચક્રને સંતુલિત કરવા માટેના બીજા ઉપાયો હવે પછીના હપ્તામાં. તે દરમ્યાન એક નમ્ર સૂચન. જિંદગી મોટે ભાગે 'હજી અને હવે' વચ્ચે પૂરી થાય છે. 'હજી તારી ઉંમર નથી' અથવા તો 'હવે તારી ઉંમર નથી'. આવી વાત કોઈ આપણને કહે અથવા આપણે ખુદને કહીએ. પરિણામે 'ઘણું જાણતા હોવા છતાં કરી કંઈ ના શકીએ' એમ પણ બને. તે પરિસ્થિતિ આવે તેના કરતાં જે સારૂં લાગે તેવી કોઈ એકાદ વસ્તુનો પણ અમલ કરી શકાય તો સાચો ફાયદો છે. (ક્રમશ:)

**ચક્રસંહિતા ભાગ-૧૯**
**લેખક: જીતેન્દ્ર પટવારી**

## પુસ્તકનું આમુખ રજુ કરનાર સન્નારીનો પ્રાથમિક પરિચય

વિશ્વશાંતિના ક્ષેત્રમાં, ઉર્જા વિશ્વમાંતથા કલા જગતમાં જેમનું અનેરૂં પ્રદાન છે તેવા બહુમુખી પ્રતિભા, વિશ્વપ્રસિધ્ધ કલાકાર, લેખક, વકતા, ૨૦૧૯ સુધી યુનાઈટેડ નેશન્સના શાંતિદૂત રહી ચુકેલા સુ.શ્રી. જેકલિન રિપ્સ્ટેઈન દ્વારા આ પુસ્તક માટે આમુખ લખાયું છે. માનવીય ચેતનાના સ્તરને ઉચ્ચ આયામ ઉપર લઈ જવામાં તેમની કલાકૃતિઓ, પુસ્તકો, સેમીનાર, વર્કશોપ, પ્રવચનો વગેરે નિમિત્ત બન્યા છે. તેઓ **"The Invisible Art Light Techniques"** શિર્ષક હેઠળ અનેક પ્રકારની વિશિષ્ટ આર્ટ ટેકનીકની ૧૯૮૬થી વૈશ્વિક પેટન્ટ ધરાવે છે, તેમના પેઈન્ટીંગ્સમાં ૪૦૦થી વધુ વૈશ્વિક પ્રદર્શનો યોજાયા છે. આ પેઈન્ટીંગ્સ અંધારામાં, અજવાળામાં અને યુવી લાઈટ સાથે ત્રણેય પરિસ્થિતીમાં અલગ દેખાય છે. ચોકકસ હર્ટઝની હીલીંગ એનર્જી વહાવે છે, જે અગ્રગણ્ય વૈજ્ઞાનિકોએ પ્રમાણિત કરેલું છે. યુએન હેડ ક્વાર્ટર્સમાં **"Millennlum of peace"** કાર્યક્રમ ખુલ્લો મુકવાનું અતિ ઉચ્ચ સન્માન તથા અન્ય એક વૈશ્વિક સન્માન તેમણે પ્રાપ્ત કર્યા છે.

–સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર

# જામકંડોરણામાં ગૌરક્ષક સેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા ચકલીના માળા અને ચણની ડિશનું વિના મૂલ્યે વિતરણ કરાયું




(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા. ૨૧

આજે વિશ્વ ચકલી દિવસ હોય ચકલી બચાવો અભિયાન અંતર્ગત જામકંડોરણામાં ગૌરક્ષક સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા જામકંડોરણાની પક્ષી પ્રેમી જનતા માટે ચકલીના માળા અને ચણની ડિશનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જામકંડોરણાના પટેલ ચોક ખાતે માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગૌસેવા સમિતિના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજાએ ચકલીનો માળો ક્યાં બાંધવો કેવી રીતે બાંધવો એનું માર્ગદર્શન પણ આપ્યું હતું.

કાર્યક્રમમાં જામકંડોરણાના સરપંચ બાલાભાઈ બગડા, કરણી સેના સહસંયોજક કિરીટસિંહ જાડેજા સાતોદડ, બંધિયા સરપંચ કિશોરભાઈ, પીઢ પત્રકાર મનસુખભાઈ બાલધા,એડવોકેટ નારદભાઈ બાલધા,જિજ અગ્રણી દામજીભાઈ કોયાણી, રા.સમાજ ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ વાળા, પીપળીયા માં. સરપંચ સહદેવસિંહ જાડેજા, પ્રશાંતભાઈ મહેતા,સમાજ અગ્રણી મહેન્દ્રસિંહ વાળા, કરણી સેના પ્રમુખ હરપાલસિંહ જાડેજા,ટ્રસ્ટી અરવિંદભાઈ વાડોદરિયા,ટ્રસ્ટી વનરાજસિંહ ચૌહાણ, દલિત યુવા અગ્રણી જયભાઈ બગડા, પત્રકાર પ્રવીણભાઈ બગડા, વિશુભાઈ ભટ્ટ, હસુભા જાડેજા, રાજપાલસિંહ, છત્રપાલસિંહ, નિર્મલસિંહ વાળા હાજરી આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા ગૌરક્ષક સમિતિના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા અને સભ્યોએ ભારે જેહમત ઉઠાવી હતી.

# ઉના : ઝેરી કમળાની અસર છતાં નોર્મલ ડીલેવરી થઈ



ઉના તા. ૨૧

ઉના તાલુકાના કોબ ગામની મહિલા વર્ષાબેન લાલજીભાઈ સગર્ભાને ઝેરી કમળો હતો અને પ્રસુતિનો દુખાવો ઉપડતાં પરિવારે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતાં ફરજ ઉપરના હાજર કર્મચારી ઈએમટી જગદિશ મકવાણા અને પાયલોટ રણજીત દાહીમા ઘટના સ્થળે પહોંચી સગર્ભા મહીલાને લઈ ઉના હોસ્પિટલ જતા હતા અચાનક તે મહિલાને દુ:ખાઓ વધવા થી એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરવાની ફરજ પડી હતી ૧૦૮ના ઈએમટી જગદિશ મકવાણાની આવડત અને ૧૦૮ હેડઓફિસના ડોકટરની સલાહ મુજબ તે માતાને ઝેરી કમળો હતો તેમ છતા પણ તેમને નોર્મલ પ્રસૂતિ કરાવી અને માતા બાળકનો જીવ બચાવવામાં આવ્યો હતો અને બંનેને ઉના ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર માટે મુકવામાં આવ્યા હતા.

ગિર સોમનાથ જિલ્લા કલેક્ટર આર.જી. ગોહિલએ ૧૦૮ એમ્બ્યુલન્સ ના કર્મચારીઓને ઉત્તમ કામગીરી કરવા બદલ અભિનંદનપાઠવ્યા હતા. જિલ્લાના ઉચ્ચ અધિકારી જયેશ કારેના અને યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ અભિનંદનપાઠવ્યા હતાં.

# કેશોદમાં ભારત વિકાસ પરિષદ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા



(ગોવિંદ હડીયા દ્વારા)

કેશોદ તા. ૨૧

ભારત વિકાસ પરિષદ કેશોદ શાખા દ્વારા વિવિધ ધાર્મિક સામાજીક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. છેલ્લાં ત્રણ વર્ષથી કેશોદ શહેરમાં અનેક કાર્યક્રમોનું આયોજન ભારત વિકાસ પરિષદ કેશોદ શાખા દ્વારા કરવામાં આવ્યું છે. બાળકોમાં રહેલી વિશિષ્ઠ શકિતોને બિરદાવવા અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે વર્ષ દરમ્યાન વિવિધ કૃતિઓમાં શ્રેષ્ઠતમ ૧૪૧ જેટલા સ્પર્ધકોને પ્રોત્સાહીત કરવા પ્રોત્સાહીત ઈનામ પ્રમાણપત્ર સાથે સન્માનિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીતથી કરવામાં આવી હતી. દિપ પ્રાગટય બાદ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક અને બાળાઓએ સ્વાગત ગીત રજુ કર્યુ હતું. વાર્ષિક મહોત્સવ સાથે બાળકોએ નૃત્ય ગીત સંગીત પ્રશ્નોતરી વેશભૂષા વકૃત્વ સહીત કરાટે સહીત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. વિજેતા સ્પર્ધકોને ભારત વિકાસ પરિષદ કેશોદ શાખા તથા આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ હતાં. કેશોદના વેરાવળ રોડ નજીક આવેલ વાટીકા ગાર્ડન રેસ્ટોરન્ટમાં સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રીના ધારશી બેરડીયા ગૃપ દ્વારા હાસ્યની રમઝટ કાર્યક્રમ સાથે લોકોએ મનોરંજન માણ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ પરિવાર આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી તન મન ધનથી સાથ સહકાર આપ્યો હતો.

## શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ આંખની હોસ્પીટલ દ્વારા

# જૂનાગઢમાં સ્વામિનારાયણ મંદિર જવાહર રોડ ખાતે નેત્રયજ્ઞનું આયોજન

જૂનાગઢ તા. ૨૧

શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ આંખની હોસ્પીટલ દ્વારા જૂનાગઢમાં સ્વામિનારાયણ સુર્વણ મુખ્ય મંદિર ખાતે તા.૨૨-૩-૨૨ ના રોજ નેત્રમણી-નેત્રયજ્ઞ તથા આંખના ઓપરેશન માટેના વિનામૂલ્યે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ટ્રસ્ટ દ્વારા આંખનો કેમ્પ દર મહિનાની ૨૨ તારીખે યોજાય છે. જેમાં અત્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી માટે આયોજક, રણછોડદાસજીબાપુ ચેરીટેબલ આંખની હોસ્પીટલ, સદ્દગુરૂ આશ્રમ રોડ, રાજકોટ- ફોન:૨૮૧-૨૪૫૭૦૦૯/ મો.૯૮૭૯૭ ૩૪૧૭૮/ ૮૪૬૦૯૨૮૫૦૮/ ૮૨૩૮૬-૫૦૫૦૩ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# સમસ્ત બ્રહ્મ સમાજના જિલ્લા પ્રમુખ કે.ડી. પંડ્યાનું સીનયર સીટીઝન મંડળ દ્વારા સન્માન



(ધીરૂ સોની દ્વારા)

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢમાં સિનિયર સિટીઝન મંડળ દ્વારા માસિક મિટિંગ રવિવારે ખરેડી વાડી ખાતે પ્રમુખ જે. બી. માંકડના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં સમસ્ત બ્રહ્મ સમાજ ના જિલ્લા પ્રમુખ કે. ડી. પંડ્યાનું સન્માન કરવામાં આવ્યું બ્રહ્મ સમાજની ટીમના અગ્રણી મહેશ જોશી, શૈલેષ પંડ્યા, આરતીબેન જોશી, દક્ષાબેન જોશી પણ હજાર રહેલા. આ પ્રસંગે સીનયર સીટીઝનના ઉપપ્રમુખ રશ્મિબેનનાં માર્ગદર્શનમાં એક રંગારંગ કાર્યક્રમ રાખવામાં આવેલ આ કાર્યક્રમ ચેતનાબેન પંડ્યા, અનિતાબેન, મેઘાબેન, રીનાબેન, પ્રીતિબેન વગેરે પ્રસ્તુત કરેલ હતો. સીનયર સીટીઝનનો કાર્યક્રમ સફળ બનાવવા બંને કાર્યકારી પ્રમુખ રમેશભાઈ મેહતા તેમજ વજુભાઈ હિરપરા, મંત્રી જે.આઈ. ભટ્ટ, ખજાનચી લલીતભાઈ દવે, તેમજ સમગ્ર ટ્રસ્ટીગણે જહેમત ઉઠાવેલ હતી.


શ્રી પી.એ.ગોહીલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ માળીયા હાટીનાની કોર્ટમાં,
મુ.માળીયા હાટીના

નં.મજસ/કે.નં. 33G/2022

તા.૧૪/૦૩/૨૦૨૨

શ્રી રસીલાબેન કેસરભાઈ ખેર ડો/ઓ ગોવિંદભાઈ સવદાસભાઈ પરમાર
રહે. કાત્રાસા ગીર, તા.માળીયા હાટીના ............. અરજદાર

વિરૂધ્ધ

શ્રી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રી,
ગ્રામ પંચાયત, અમરાપુર ગીર .............. સામાવાળા

વિષય : જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ -૧૩(૩) અન્વયે જન્મ/મરણ નોંધ કરાવવા માટે હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

//નોટીસ//

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે. અરજદારશ્રીના ભાઈ પુંજાભાઈ ગોવિંદભાઈ પરમારનું મરણ તા. ૧૬/૧૨/૧૯૯૬ મુ. અમરાપુર ગીર તા. માળીયા હાટીના જિ.જૂનાગઢ મુકામે થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ, ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમોને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે મુદત તા.૨૮/૦૩/૨૦૨૦ ના રોજ ૧૨:૦૦ કલાકે બપોરે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, માળીયા હાટીના ખાતે બીનચુક હાજર રહેવું. તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

નોંધ: અરજદારે મુદતના દિવસે નોટરી રૂબરૂ કરાવેલ અસલ સોગંદનામું તેમજ પેપરમાં આપેલ જાહેરાતની નકલ સાથે લાવવાની રહેશે.

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનો સિકકો

(સહી-અવાચ્ય)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
માળીયા હાટીના



શ્રી પી.એ.ગોહીલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ માળીયા હાટીનાની કોર્ટમાં,
મુ.માળીયા હાટીના

નં.મજસ/કે.નં. 35G/2022

તા.૧૪/૦૧/૨૦૨૨

શ્રી જગુભાઈ ઉકાભાઈ સોલંકી, રહે. ગોતાણા, મુ. ગોતાણા,
તા.માળીયા હાટીના ............. અરજદાર

વિરૂધ્ધ

શ્રી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રી,
ગ્રામ પંચાયત, ગોતાણા .............. સામાવાળા

વિષય : જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ -૧૩(૩) અન્વયે જન્મ/મરણ નોંધ કરાવવા માટે હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

//નોટીસ//


આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે. અરજદારશ્રીના પુત્રી રીંકુબેન જગુભાઈ સોલંકીનું જન્મ તા. ૨૩/૧૨/૨૦૦૬ મુ. ગોતાણા તા. માળીયા હાટીના જિ.જૂનાગઢ મુકામે થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ, ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમોને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે મુદત તા.૨૮/૦૩/૨૦૨૦ ના રોજ ૧૨:૦૦ કલાકે બપોરે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, માળીયા હાટીના ખાતે બીનચુક હાજર રહેવું. તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

નોંધ: અરજદારે મુદતના દિવસે નોટરી રૂબરૂ કરાવેલ અસલ સોગંદનામું તેમજ પેપરમાં આપેલ જાહેરાતની નકલ સાથે લાવવાની રહેશે.

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનો સિકકો

(સહી-અવાચ્ય)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
માળીયા હાટીના





# સોશ્યલ મિડીયાનાં દુરૂઉપયોગનો વધુ એક કિસ્સો

## જૂનાગઢમાં યુવકને પોલીસે મદદ કરતા રાહત લોકોને સાવચેત રહેવા અપીલ કરાઈ



(ક્રાઈમ રીપોર્ટ દ્વારા)

જૂનાગઢ તા. ૨૧

હાલમાં જુદી જુદી ગેંગદ્વારા ફેસબુકના માધ્યમથી મહિલાના આઈડી બનાવી, રિકવેસ્ટ મોકલી, વોટ્સએપ નમ્બર મેળવી, મહિલાદ્વારા મીઠીમીઠી વાતો કરી, કોઈપણ ઉંમરના વ્યક્તિને ભોળાવી, વીડિયો કોલ કરી, કપડા ઉતરાવી, વિડીઓ બનાવી, બનાવેલ વીડિયો ફેસબુકમાં અપલોડ કરવાની ધમકીઓ આપી, પૈસા પડાવતી ઘણી બધી ગેંગ સક્રિય થયેલ છે. આવી ગેંગના મહિલા સભ્યદ્વારા વીડિયો કોલિંગ કરી, ફેસબુક એકાઉન્ટ ધારક સામે પોતે પણ કપડા ઉતારે છે અને ફેસબુક ધારકને પણ કપડાં ઉતારી, નગ્ન કરવામાં આવે છે અને તેનો વીડિયો મોકલી, ફેસબુકમાં અપલોડ કરવાની ધમકી આપી, પ્રથમ પંદર હજાર થી વિસ હજારની માંગણી કરી, જેમ જેમ ફેસબુક ધારકને આબરૂ જવાની બીક કે ડર લાગે એમ રકમ વધારતા જાય છે અને આ રકમ લાખો સુધી પહોંચી જાય છે. આવા ફેસબુક ધારક આબરૂ જવાની બીકે કોઈને વાત કરતો નથી અને મનોમન મુંજાય અને રૂપિયા નાખતો રહે છે. એ દરમ્યાન આ જ ગેંગના અન્ય સભ્ય ટૂ કોલરમાં સીબીઆઈ ઓફિસર કે ક્રાઈમ બ્રાન્ચ ઓફિસર વિક્રમ રાઠોડ કે અન્ય નામથી સેટ કરી, ફેસબુક ધારકને પતાવટ માટે ફોન કરતા હોઈ, ફેસબુકધારક વધુ રૂપોયા બેંકના ડમી એકાઉન્ટમાં નાખે જ રાખે છે. ઘણી વાર રૂપિયાની સગવડ નહીં થવાથી લોકો આત્મહત્યા સુધીના પગલાઓ ભરી લેતા હોય છે. આવી ઘણી બધી ગેંગ પકડાયેલ પણ છે. પરંતુ, તેમ છતાં ઘણા લોકો આ ગેંગનો ભોગ બનતા હોય છે.

જૂનાગઢ રેંજના ડીઆઈજી શ્રી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જિલ્લાપોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા આવી સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરી, ફેસબુક ફ્રેન્ડ બનાવી, લોકોને બ્લેકમેલ કરવાનો ડર બતાવી, રૂપિયા ખંખેરતી તથા આબરૂ જવાની બીકે આત્મહત્યા સુધી દોરી જતી, ફેસબુક ગેંગ બાબતે લોકોને સાવચેત કરી, ફરિયાદ કરવા આગળ આવવા જાગૃતિ લાવવા તમામ પોલીસ અધિકારીઓને સૂચના કરવામા આવેલ છે. દરમ્યાન જૂનાગઢ શહેરના પોશ વિસ્તારમાં રહેતો સારા ઘરનો એક અભ્યાસ કરતો યુવક મનીષ (નામ બદલાવેલ છે..) પણ આવી ગેંગનો શિકાર બન્યો હતો. શિકાર બન્યા બાદ પોતાની આબરૂ જવાની બીકે પોતે મુંજાયો હતો. મનમાં ઘણા બધા વિચારો અને કાલ્પનિક ભય ઉતપન્ન થતા, ઘણા વિચારો આવ્યા હતા. ખૂબ જ મુંજાયા બાદ આ યુવક દ્વારા પોતાના કાકા અને વેપાર કરતા પિતાને વાત કરતા, તેઓ બંને જૂનાગઢ ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાને ફોન કરી, પોતાના દીકરાના ફેસબુક એકાઉન્ટ ઉપર મહિલાના નામથી રિકવેસ્ટ આવ્યાની વાત કરતા, ડીવાયએસપી જાડેજા દ્વારા બાકીના બનાવની તમામ વાત યુવકના કુટુંબીજનોને કરી દેતા અને હવે એ યુવતી રૂપિયા માંગતી હશે અને તમને કોઈ પોલીસ ઓફિસરના ટૂ કોલર વાળો ફોન પણ આવેલ હશે,..તેવું યુવકના પિતા અને કાકાને જણાવતા, તેઓ અચંબામા પડી ગયા હતા. યુવકના કાકાને ફોન ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા દ્વારા યુવકને હવે ફોન આવે ત્યારે મહિલાને તે મહિલાનો નમ્બર અને રેકોર્ડિંગ પોતે શહેરની ક્રાઈમ બ્રાન્ચ પોલીસને આપી દીધા છે, હવે ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરશે, એવું જણાવી, જરૂર પડે તો અમારો નમ્બર આપી દેવા જણાવેલ હતું. ત્યારબાદ મહિલા તથા તેની ગેંગના સભ્યોના ફોન આવતા, યુવકના કાકા દ્વારા પોતે તમામ નંબર ક્રાઈમ બ્રાન્ચને આપી દીધાનું જણાવતા, ગેંગના ફોન બંધ થયેલ હતા અને અભ્યાસ કરતા યુવકને રાહત થઈ હતી.

જૂનાગઢ પોલીસની સલાહ અને મદદ કરવાના કારણે યુવકને રાહત થયેલ હોઈ, યુવકના કુટુંબીજનો દ્વારા યુવકનો મહિલા સાથેના વીડિયો જાહેર થશે તો, પોતાના સમાજમાં અને કુટુંબમાં શુ મોઢું દેખાડશે? એવું વિચારી, યુવકના પિતા બીમાર હોઈ, હતાશ અને નાસીપાસ થઈ ગયેલા અને છેલ્લી આશાના સહારે પોલીસને મળતા, પોતાનો જીવ બચ્યાની વાત કરી, રડવા લાગેલ અને જો પોતે પોલીસને મળ્યા ના હોત તો, આર્થિક રીતે પણ પાયમાલ થયા હોત, એવું જણાવી, રડમસ ચહેરે, જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કરેલ હતો. સોશિયલ મીડિયાના ગેર ઉપયોગના લાલબત્તી સમાન આ કિસ્સાનો ભોગ બનેલા યુવકને જૂનાગઢ પોલીસ દ્વારા હવેથી સાવચેતી રાખવા સલાહ પણ આપવામાં આવી હતી.

## જૂનાગઢ : સાયકલો ફન કલબનાં સદસ્યોએ સાયકલીંગ રાઈડ કરી



જૂનાગઢ તા. ૨૧

રોટરી કલબ રાજકોટ દ્વારા તા. ૨૦ માર્ચનાં રોજ કોરોના કાળ દરમ્યાન મર્ચ્યુઅલ સાયકલ રાઈડનું આયોજન કરેલહતું. આ રાઈડમાં દેશ વિદેશનાં ૧૦ હજારથી વધુ લોકોએ પોતાના ગામશહેરમાં રાઈડ કરી સાયકલો ફનનું આયોજન કરેલ હતું. સાયકલો ફન રાઈડનાં સંદર્ભે તથા ૨૦ માર્ચનાં રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ ચકલી દિવસ તરીકે મનાવવામાં આવતો હોય તો આ બંને સંદેશા સાથે સાયકલીંગ કલબ જૂનાગઢનાં ૨૨ સભ્યોએ ૫૦ કિમી સાયકલીંગ રાઈડ કરી હતી. આ ૫૦ કિમીની રાઈડ જૂનાગઢથી ઈવનગર થઈ મેંદરડા અને મેંદરડાથી બટડુઆડીયા થઈ ફરી જૂનાગઢ યોજાયેલ હતી. સાથે બગડુ તથા મેંદરડામાં ચકલીનાં માળાનું વિતરણ કરી ચકલી દિવસની માહિતી આપેલ હતી. આ રાઈડમાં ભાગ લેનાર દરેક મેમ્બરને પ્રમાણપત્ર તથા ચકલીનાં માળા ઈનામ સ્વરૂપે આપેલ હતાં. અને સાયકલો ફન અને વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરી હતી.

## જૂનાગઢમાં ગોે.ચિ.શ્રી અંજનરાયજી બાવાશ્રીનો શુભ વિવાહ પ્રસ્તાવ

જૂનાગઢ તા. ૨૧

સમસ્ત પુષ્ટીમાર્ગીય વૈષ્ણવો દ્વારા શુભ વિવાહ યોજવામાં આવશે. ગો.ચિ. શ્રી અંજનરાયજી બાવાશ્રીનોશુભ વિવાહ પ્રત્સાવ ફાગણ વદ-નોમ તા. ૨૬-૩-૨૨ શનિવારનાં રોજ મોનાલીસા પાર્ક સોસાયટી, શ્રીજીદ્વાર હવેલીની પાછળ, ગોકુલેશ ગૌશાળાની સામે, ચોબારી રોડ, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે ગો.શ્રી નવનતીરાયજી વ્રજભૂષણલાલજી મહારાજની આજ્ઞાથી યોજાશે. તમામ વૈષ્ણવોને પ્રસ્તાવનાં તા. ૨૫ થી ૨૭ માર્ચ દમ્યાન પધારવા આમંત્રણ પાઠવાયું છે. તેમજ ૨૬ માર્ચનાં બપોરે મંડાણમાંપ્રસાદનું ત્યારબાદ વરઘોડાનું આયોજન કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે તુલશીભાઈ ભાલોડી (મો. ૯૪૨૮૭ ૦૨૦૫૧), દેવજીભાઈ ભેંસદડીયા (મો. ૬૩૫૪૩ ૪૨૦૯૩), હરીભાઈ મોરી (મો. ૯૪૨૮૩ ૭૬૩૬૩)નો સંપર્ક સાધવા યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢમાં ગેલેરીયા ક્રિએશનનાં સફળતાપુર્વક ૬ વર્ષ પુર્ણ

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢમાં સરદારબાગથી ઝાંઝરડા રોડ તરફ જવાના રસ્તા ઉપર પેરીપ્લાજા કોમ.માં બીજા માળે, ગેલેરીયા ક્રિએશન નામનો સનમાઈકાનો ૬૫૦ સીટનો વિશાળ ડિસ્પ્લે શો-રૂમ આવેલો છે. જયાં તમને મળશે પ્લાયવુડ, ડિઝાઈનર સનમાઈકા, હાર્ડવેર હેન્ડલ એસેસરીઝ, વુડન ફલોરીંગ, વિનાઈલ ફલોરીંગ, કોરીયન, અલાબાસ્ટર, વિનયર, ઈમ્પોર્ટેડ વોલપેપર, સ્ટોન વિનાયર, પેબલ્સ (પથ્થર) આર્ટીફીશયલ ગ્રાસ. ગેલેરીયા ક્રિએશનમાં ઉપરોકત બધી જ આઈટમો એકજ સ્થળે મળશે. કોમર્શીયલ કે રેસીડેન્સીયલ ફર્નીચર બનાવવા માટેની તમામ રેન્જ એકજ સ્થળ ઉપર ઉપલબ્ધ છે. શો-રૂમમાંથી લીધેલ માલની ડીલીવરી જૂનાગઢ કે જૂનાગઢ બહારના કોઈપણ સ્થળે ટ્રાન્સપોર્ટેશનની સગવડ કરી આપવામાંઆવશે. જૂનાગઢ અને આસપાસની તમામ જનતા આ શો-રૂમની એક વખત જરૂર મુલાકાત લે અને પુરેપુરો લાભ મેળવે તેવી ગેલેરીયા ક્રિએશના સંચાલક તરફથી અપીલ કરવામાં આવી છે.

## માંગરોળ : સમસ્ત આહિર સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૨૧

"કૃષ્ણધામ ૨જ" રહીજ માંગરોળ ખાતે સમસ્ત આહીર સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમ તા.૨૩-૩-૨૨ને બુધવારે યોજાશે. જેમાં ત્રિરંગાયાત્રા, સમાજના કલાસ ૧ અને કલાસ ૨ અધિકારીઓનું સન્માન, દાતાઓનું સન્માન તેમજ લોકડાયરા સહીતનાં કાર્યક્રમો યોજાશે.આ કાર્યક્રમાં ઉપસ્થિત રહેવા "કૃષ્ણધામ ૨જ" ટીમનાં એડવોકેટ ગોવિંદભાઈ ચોચાની યાદીમાં જણાવાયું છે.

## રાજકોટનાં પરીવારને મેંદરડા નજીક અકસ્માત થતાં મહિલાનું મોત : બેને ઈજા

જૂનાગઢ તા. ૨૧

ધુળેટી પર્વમાં સાસણ ફરવા આવેલા રાજકોટનાં બે પરીવારને મેંદરડા માનપુર ગામ પાસે અકસ્માત સર્જાતા એક મહિલાનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જયારે એક બાળક સહીત બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટમાં લેબર કોન્ટ્રાકટર તરીકે કામ કરતા અને ગિરનાર સોસાયટી શેરી નં. ૨, બંધ શેરી ખીજડાવાળો મેઈન રોડ રાજકોટ ખાતે રહેતા અતુલભાઈ બટુકભાઈ વસાણી અને તેનાં બનોવી હિતેશભાઈ લાઠીયા તેમજ તેમનાં મિત્ર નિરંજનભાઈ રાજયગુરૂનાં પરીવારનાં સભ્યો ધુળેટી પર્વમાં સાસણ અને ઉના બાજુ ફરવા નીકળ્યા હતાં ત્યારે તા. ૨૦નાં રોજ વહેલી સવારે ત્રણ વાગ્યે મેંદરડાનાં માનપુર ગામ પાસે બંધ પડેલા એક ટ્રકની પાછળ હિતેશભાઈ લાઠીયાની કાર ધડાકાભેર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જે કારની અંદર હિતેશભાઈનાં પત્ની ધર્મિષ્ઠાબેનને ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. જયારે અતુલભાઈનાં પુત્ર કર્મ (ઉ.વ. ૧૪) અને હિતેશભાઈને ગંભીર ઈજાઓ થતાં બંનેને સારવાર માટે મેંદરડા સરકારી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ અંગે પોલીસો આગળની કાર્યવાહી હાથ ધરી છે.







ॐ ઉપચાર કેન્દ્ર

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨












Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volume 46, Issue : 79, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India